# સંવાદ પંચક

લેખક :

છોટાલાલ હરજીવન સુશીલ

: સંપાદક :

મુનિ નાનચંદ્રજી

કિંમત બે આના.

## –સંવાદ પંચક–

: ૧ :

# શાલિભદ્ર અને ભદ્રા

## મારા માથે પણ માલિક ?

**ભદ્રા :** ગઈ કાલના બનાવ પછી તારા વદનની માધુરી છેક જ સુકાઈ ગઈ છે. બેટા ! શ્રેણિક નરેન્દ્રે તારી સ્નેહભર ભેટ લીધી તેથી તો તારે ઊલટું પ્રસન્ન થવું જોઈએ. રાજાઓમાં પ્રભુત્વનો અંશ છે, કેમકે કાળના વીર્યનું શુભાશુભપણું તેમની ભાવનાઓની શુભાશુભતાને લઈને નિર્માય છે. એક બાજુ પ્રભુ મહાવીરનું ધર્મચક્ર લોકોની આત્મસમૃદ્ધિ સંરક્ષી તથા વિસ્તારી રહ્યું છે, ત્યારે બીજી બાજુએ તે શાસનને સાનુકૂળ રહી શ્રેણિક નૃપતિનું રાજ્યચક્ર આપણી વ્યવહાર સંપત્તિનું રક્ષણ કરે છે. તે પ્રજાપાલક રાજા આપણી સંભાળ પિતાની જેમ રાખે છે. આપણી વિપુલ સંપત્તિનું દર્શન કરી તે ભલા રાજાએ સામાન્ય રાજાઓને સુલભ એવી ઈર્ષ્યા અનુભવવાને બદલે, અત્યંત હર્ષ અનુભવ્યો હતો. શ્રેણિકે તને પ્રેમભર આલિંગન આપી તારી 'ચડતી કળા' પ્રચ્છી હતી. છતાં તે ક્ષણથી તારું મુખ કરમાઈ ગયું છે. ગઈ કાલના પ્રભાત અને આજના પ્રભાતના અલ્પ અંતરમાં તારા સુંદર દેહમાં વહેતું લોહી ફિક્કું પડી ગયું છે.

તાત ! તારી આંતરવ્યથા હું સમજી શકતી નથી. કયો વિચાર તારા મર્મમાં આઘાત કરી રહ્યો છે? બેટા હૃદય ખોલ અને આ સ્નેહાળ માતાને તારા દુઃખની ભાગી બનાવ !

**શાલિભદ્ર :** માજી, આપ જેને દુઃખ લેખો તેવું કશું જ દુઃખ મને નથી મારું શરીર હંમેશની જેમ રોગ રહિત છે. બત્રીસ સ્ત્રીઓ મારી આજ્ઞાવશ રહી મારા ચિત્તની પ્રસન્નતા જાળવવા સતત પ્રયત્ન કરી રહી છે. લક્ષ્મી સંબંધી કોઈ પણ વિતર્કને તો આ જીવનભરમાં અવકાશ જ નથી. જે વેદના ગઇ કાલથી આ મમમાં ઊપજી આવી છે તેને માજી તમે સ્પર્શી શકો તેમ નથી. તેટલી ઊંચાઇએ ચડી મારા હૃદયનું દર્શન કરવા તમારામાં શક્તિ નથી. ક્ષમા કરજો અવિનય થતો હોય તો માતા ! પરન્તુ જે નિમિત્તથી અન્યના હૃદયમાં હર્ષનો ઉન્મેષ થવો જોઇએ તે જ નિમિત્તે મારા હૃદયમાં સખ્ત ફટકો મારી, મારી ખરી સ્થિતિ પ્રત્યે મારી આંખો ઉઘાડી દીધી છે. વળી એ વેદના અધિક માર્મિક તો એથી બની છે કે, આપને તેના ખરા સ્વરૂપથી પરિચિત કરતાં આપનું મમતાળું હૈયું દુઃખિત થશે. અને માતાના પ્રેમાળ હૃદયને એવો ક્રૂર આઘાત આપવો એ મારા પક્ષે ઘણું નિષ્ઠુર છે. મારી વેદના સમજ્યા પછી અને હવે શું કરવા માટે હું તત્પર થતો જાઉં છું તે જાણ્યા પછી, આપને શું શું થશે તે વિચાર મારા હૃદયમાં તીવ્ર કંટકની જેમ ખૂંચે છે. માજી! મને વચન આપો કે આપ સરખા હિતચિંતક કાંઇ પણ વિક્ષોભ વિના મારા દર્દની કથા સાંભળશો, અને તે સાથે મને છેક ગુમાવી દેવાની હદ સુધી આપના હૃદયને તૈયાર રાખશો.

**ભદ્રા :** આ હૈયું ફાટી જતું નથી, એટલીજ બાકી છે. બેટા! તારા દુઃખનો એક અંશ પણ ન્યૂન થાય તે માટે હું હજારો વાર દેહ ધારણ કરી તેને હોમી દેવા તૈયાર છું. મારા પ્રેમના—આશાના આશ્રયસ્થાન ! તારી વેદના ગમે તે પ્રકારની હશે તો પણ હું તેમાં

ભાગ લઈશ, અને તારી ઇચ્છાનુસાર મારી પ્રત્યેક પ્રવૃત્તિને યોજીશ. હું બીજી માતાઓ જેવી મૂર્ખ નથી. ગમે તેટલા ઊંચા શિખરે તારું હૃદય ચડયું હશે તો પણ હું ત્યાં પડતાં–આખડતાંય ચડીશ, પરંતુ તારા હૃદયને એક કદમ પણ નીચે ઊતરવા નહિ વીનવું. અંતરનો સાચો સ્નેહ, સ્નેહના પાત્રનું દુઃખ ટાળવામાં પોતાના રાગ–દ્વેષના ધોરણને બાજુએ મૂકી સ્નેહપાત્રના ધોરણને પોતાનું કરી લે છે. બેટા, તારું કષ્ટ જો ટળી શકે તેમ હશે તો તે ટાળવા માટે હું તારા અનુભવને મારો અનુભવ બનાવી લઈશ, અને છેવટે કાંઇ પણ નહિ બની શકે તો તારી વેદનાના સ્થાન ઉપર નિશ્વાસની ઉષ્ણ જ્વાળાને બદલે સ્નેહની શીતળ ફૂંક મારી તને શાન્તિ તો પમાડીશ. મને આશા છે કે જો તારું કષ્ટ માત્ર કાલ્પનિકજ હશે તો માતૃ-હૃદયના સ્નેહનાં કિરણો તે કલ્પનાના ધુમ્મસદળને વિખેરી નાંખી અગાઉના જેવી તારી ચિત્તપ્રસન્નતાને પાછી આણશે, અને તે દર્દ વાસ્તવિકજ હશે તથા તેને દૂર કરવા માટે જે માર્ગ તું લેવા ધારતો હશે તે યોગ્ય જ હશે તો, આ હૃદય પણ તે માર્ગને ખુલ્લો કર-વામાં ઊલટું સહાયક બનશે. બેટા! નિષ્ફળ ચિંતા દૂર કર. આ માતાનો સ્નેહ તું ધારે છે તેવો છેક જ સ્વાર્થી નથી. મેં પણ એવા અનેક હૃદયપલટા અનુભવ્યા છે. મહાવીર પ્રભુના કંઠથી પ્રગટેલી વાણીના પડઘા હજી આ શ્રવણગોલકમાં તાજા જ છે. કોઈ પણ આશ્ચર્ય હવે એવું નથી રહ્યું કે જે મને આઘાત કરી શકે.

**શાલિભદ્ર :** તો માજી! આ ચોવીશ કલાકમાં મેં શું શું પલટા અનુભવ્યા તેની કથા હું સ્વલ્પમાં કહીશ. હૃદયની અશાંતિ તો ઘણા કાળની હતી. કોણ જાણે શું કારણથી પણ લાંબા સમયથી દિલ બેચેનીને વશ હતું, અને જરા સમજવા શીખ્યો ત્યારથી જ કાંઇક 'અધૂરું અધૂરું' ભાસતું હતું. લગ્ને મને બત્રીશ 'પૂતળીઓ' આપી, પણ તેમાં એકમાં આ હૃદયનો વિરામ નહોતો. જ્યાં અંત-

રનો સ્નેહ નહિ ત્યાં હૃદય કેમ વિરમે? આપે તો મને સુખી કરવા માટે સુંદરમાં સુંદર અને બિલોર જેવી રમણીય સુંદરીઓ સોંપી હતી, પરંતુ 'સૌંદર્ય' અને 'સ્નેહ' એ જૂદી જ ભાવનાઓ છે. એની આપને તેમજ મને ખબર નહોતી. સૌંદર્ય એ ભોગલિપ્સાને તૃપ્તિ આપી શકે છે. પણ હૃદયનો સ્નેહ ઢોળાવામાં એ એક જ હેતુ નથી. ટૂંકામાં એ બત્રીસમાંથી એકેમાં હું સ્નેહ અને શાન્તિ મેળવી શકયો નહીં. પરંતુ તેમાં તેઓનો દોષ નહોતો. બિચારી અબળાઓ તો મને સુખી કરવા તલસ્યા જ કરતી હતી અને કયા ઉપાયે આ હૃદય વિકસે તેનો જ અભ્યાસ અહોનિશ કરતી હતી. પણ માજી! શું કહું? મારી દૃષ્ટિ એ સૌંદર્યમાં માત્ર રક્ત, માંસ અને ચર્મનું જ દર્શન કરતી હતી. એ બત્રીશેમાં મારી ઇન્દ્રિયોને ખેંચ-વાનું બળ હતું, પણ આ હૃદયને પોતાનામાં ભેળવી લે એવી શક્તિ એકકેમાં નહોતી. છતાં ત્યાંયે પણ અધૂરી શાન્તિ અને અધૂરો આરામ અનુભવાતો હતો. કેમકે ત્યાં સુધી આ જિગર ઉપર એકકે સખ્ત ફટકો લાગ્યો નહોતો, અને કાળ સરળપણે તેનું કાર્ય કર્યે જતો હતો. આજથી બે વર્ષ ઉપર એક 'ધકકો' અનુભવ્યો હતો અને તે પ્રસંગે મારી દૃષ્ટિને કંઇક વિશાળ અને સત્યગ્રાહી બનાવી હતી. મને તે વખતે સમજાયું કે-**હૃદય ઉપર જે ધકકા લાગે છે તે કાંઇક ને કાંઇક આવરણ ખસેડી આત્માને અંદરના ઊંડા ભાગમાં દોરી જાય છે.**

**ભદ્રા** : બેટા! એ પ્રસંગથી તો હું હજી અંધારામાં જ છું. મને તેની વાત સરખી પણ તેં કરી નથી. હું તો એમ જ માનું છું કે તને કશી વાતનો તોટો નથી, અને તું આ ગગનચુંબી મહાલયમાં આરામ અને સુખનો જ અનુભવ કર્યા કરે છે. ભાઇ, તને શી વાતે ખામી હતી? એ દુઃખનો ઇતિહાસ મારાથી કેમ આજ સુધી તેં ગુપ્ત રાખ્યો?

**શાલિભદ્ર :** એ પ્રસંગ આપથી પણ અજાણ્યો [illegible] અજાણ્યું છે તે તે પ્રસંગથી આ હૃદયમાં જે 'ધક્કો' વાગ્યો હતો તે છે. અને હૃદયનો ઇતિહાસ માજી કાંઈ ક્ષણે ક્ષણે કથવા બેસાય છે ? જ્યારે કોઇ પરિપાકવાળી અવસ્થાએ પહોંચાય છે ત્યારે જ તેના મૂળના ઇતિવૃત્તને મહત્ત્વ અપાય છે. એવા તો અનેક મનુષ્યો ને અનેક ક્ષણિક આવેગો પ્રકટતા હશે, પણ જ્યાં સુધી તે કોઈ અપૂર્વ ભાવના ભણી આત્માને દોરે નહિ ત્યાં સુધી તેનું કશું જ ગૌરવ નથી, અને મારી તે કાળની વૃત્તિ કાંઈ પણ આકાર કે રૂપરેખા વિનાની હોવાથી મેં આપને તેની કશી માહિતી આપી નહોતી. માત્ર હૃદય ભાંજગડ કરી અશાન્તિ વેદતું હતું, અને તેમાંથી માર્ગ શોધવા મથતું હતું. પણ તે કાળે આગળ–પાછળ ધૂમસનાં દળ ભાસતાં હતાં અને તેથી અશાન્તિના ખરા કારણની શોધ થઇ શકી નહોતી.

**ભદ્રા :** પણ તે પ્રસંગ શું હતો ? કાંઇક સ્મરણ કરાવો તો સમજ પડે !

**શાલિભદ્ર :** પ્રસંગ તો સહેજ હતો. માજી, બે વર્ષ ઉપર તે બત્રીસ બાળાઓમાંની પદ્મા માંદી પડી હતી. મને પદ્મામાં કાંઈક આસક્તિ હતી. સહુમાં તે રૂપવતી અને મોહક હોવાથી તે મારા મનને સહુ કરતાં અધિક આકર્ષી શકતી હતી. મને તેના ભણી જોઈ રહેવું બહુ ગમતું હતું, કેમકે સહુમાં તે નાની વયની હતી અને તેની મુગ્ધાવસ્થાના નિર્દોષપણામાંથી કાંઈક આંતરિક માધુર્ય પ્રગટતું હતું. તે સ્ત્રીભાવને બહુ સમજતી નહોતી. અને મને ચાહવામાં તે બાળહૃદયમાં સ્ત્રીઓને સ્વાભાવિક એવો સ્થૂલ તૃપ્તિનો અવકાશ નહોતો. મને તેણીના વર્તનમાંથી બહુ નવું શીખવાનું મળ્યુ હતું. એક તો એ કે, તેનામાં અદેખાઈ નહોતી. તેના સ્નેહ-

સ્થાનમાં કોઇ ભાગ પડાવે તોપણ તેમના ઉપર તેણી કદી રોષભર્યો કટાક્ષ કરતી નહોતી. વળી મને ચાહવામાં તે પ્રતિચાહનાનો બદલો ઇચ્છતી નહોતી. બદલાની અભિલાષા હૃદયના સૌંદર્યને બગાડી નાંખે છે. પણ પદ્માનું હૃદયસૌંદર્ય અવિકૃત રહેવા પામ્યું હતું. માંદગી શું તે હું પદ્માની તે સમયની અવસ્થાથી પ્રથમ જ સમજ્યો હતો. હું એમજ જાણતો હતો કે જન્મથી મૃત્યુ સુધી મનુષ્યને વચમાં કશુંજ વિઘ્ન નથી. મેં પદ્માને મારી પાસે આવવા કહ્યું, પણ તેણીએ ઉત્તર આપ્યો કેઃ—"પ્રભો ! હું તો ઘણીએ આવું, પણ આજે આ શરીર કહ્યું કરતું નથી." હું તેની પાસે ગયો અને તેને સ્પર્શ કર્યો; પણ આ સ્વાર્થી હૃદયે તેને ઝાઝી વાર સ્પર્શી રહેવા ના પાડી કેમકે પૂર્વની જેમ તે સ્પર્શ મનોજ્ઞ અને શીતળ નહોતો, પણ અરુચિકર અને ઉષ્ણ હતો. મેં પદ્માને પૂછ્યું. 'દેવિ ! આજે શરીર બહુ ગરમ કેમ છે ? તેણીએ કહ્યું 'નાથ ! આજે મને સખત જ્વર ચડયો છે અને તેથી મને બહુ વ્યથા થાય છે.' તે વ્યથાના સ્વરૂપને તો હું સમજતો નહોતો, છતાં અધિક જાણવાના હેતુથી મેં પૂછ્યું 'દેવિ ! આવી વ્યથાને પાત્ર સહુ મનુષ્યો હશે કે તું એકલી જ હોઇશ ?' ઉત્તરમાં તેણીએ કહ્યું. 'દેવ ! મનુષ્ય માત્ર અને ભેગા આપ પણ વ્યાધિને પાત્ર છો. જ્યાં સુધી તેવો ઉદય નથી ત્યાં સુધી આ શરીરની કાન્તિ–સૌંદર્ય નભી રહેશે પણ સદાકાળ કોઇને તેવી આરોગ્યાવસ્થા રહી શકતી નથી.' આથી મારા હૃદયમાં બહુ જ આઘાત થયો, મારું મુખ કરમાઇ ગયું, અને પદ્મામાંથી મળતો રસનો પ્રવાહ મારા તરફ આવતો બંધ પડયો. મને હવે તેનું શરીર જોઇ નિર્વેદ થવા લાગ્યો. તેણીના લલિત દેહ અને પ્રફુલ્લ વદનમાંથી અગાઉ અનુભવાતો આનંદ બંધ પડયો. માંદગીને લીધે તેણીનો સ્વભાવ પણ બદલાઈ ગયો. અશક્તિથી કે મનની બેચેનીથી તે મારી સાથેની વાતચીતમાં પણ કંટાળો બતાવવા લાગી. આપ પદ્માને તેની માંદગીની શરૂઆતમાં મારાથી દૂર કરી

નીચે તેડી જવા ઇચ્છતા હતા, પણ મેં તેમ કરવાની ના કહી, કેમકે તે વખતે હજી તાજું રક્ત ત્હેની નસોમાં વ્હેતું છેક બંધ પડયું નહોતું. પરંતુ માંદગી વધતી ગઈ તેમ તેમ તે મને ગમતી બંધ પડતી ગઈ! તેનું શરીર સુકાવા લાગ્યું. અને મૃત્યુના જેવી સફેદી તેના આખા શરીર ઉપર ફરી વળી. જો હું સાચો સ્નેહી હોત તો મને તેવા શરીરમાં પણ અણગમો ઉપજત નહિ; પરંતુ હું જેનો તરસ્યો હતો તે તેની આકૃતિની મોહકતાનો અને કાંઇક હૃદયના લાવણ્યનો હતો. માંદગીએ એ સહુ તો તેણીની પાસેથી લૂંટી લીધું હતું. જે હેતુ વડે હું તેને ચાહતો હતો, તેનો લોપ થઈ જવાથી હું તેને ચાહતો બંધ પડયો. એક તરફ નિર્વેદ અને બીજી તરફ પ્રેમનો જેવો તેવો વહેતો મંદ પ્રવાહ પણ સુકાયો. આથી મારા હૃદયને બહુ ધક્કો લાગ્યો. મેં પદ્માને મારા આવાસમાંથી નીચે લઈ જવાની આજ્ઞા કરી.

**ભદ્રા**: પણ બેટા પદ્મા તો પછી સાજી થઈ તારી સેવામાં પુનઃ હાજર થઇ શકી હતી; અને તેથી તારો શોક દૂર થવો જોઇતો હતો. માંદગીના પ્રસંગો તો દુનિયામાં સૌ સ્થાને સાધારણ છે; તેમાં તને આટલું બધું દુઃખ ઉપજી આવ્યું એ જોઈ તારા હૃદયની કોમળતા માટે મને બહુ લાગી આવે છે.

**શાલિભદ્ર**: તે મને પુનઃ ભેટી શકી એ જ વ્યક્તિત્વ આ હૃદયને ધક્કો આપી છૂપાં ઢાંકણ ખોલવામાં મોટામાં મોટું નિમિત્ત હતું. પદ્માએ મને કહ્યું. 'નાથ! તમે મને મારી અનારોગ્ય સ્થિતિમાં દૂર કરી સાસુજી પાસે મોકલી દીધી એ ઠીક કર્યું. કેમકે માંદગી એ અર્ધ મૃત્યુની અવસ્થા છે, અને મૃત્યુ જેમ દુઃખના હેતુરૂપ છે તેમ માંદગી પણ કાંઈક તેથી ન્યૂન અંશે નિર્વેદના હેતુરૂપ છે. મેં મંદભાગિનીએ આપને થોડા કાળ એવો નિર્વેદ ઉપજાવી દુઃખી કર્યા

અને મારા શરીરના ઉષ્ણ સ્પર્શથી આપના સુકુમાર હસ્તને તાપ ઉપજાવ્યો તેથી મને બહુ લાગી આવ્યું છે. હું તો તે કાળે બેભાન જેવી હતી. મને તો આપનો હસ્તસ્પર્શ મનોજ્ઞ લાગતો, પણ આપને એ કાળના મારા ઉષ્ણ અને શુષ્ક સ્પર્શથી કષ્ટ ઊપજ્યું હશે એ વિચાર હવે મને બહુ ખૂંચે છે. પ્રભુ! આ અબળા ઉપર ક્ષમાની દૃષ્ટિથી જોશો.' તેની આવી વાણીથી મને મારા સ્વાર્થીપણા માટે બહુ લાગી આવ્યું; આ પમર હૃદય કાંઈક સ્થૂલતાની હદ ઓળંગી સૂક્ષ્મતાના પ્રદેશમાં આવ્યું. મને વિચાર થયો કે 'અરેરે! જે બાળા મને આવા સાચા જિગરથી ચાહે છે તેના બદલામાં હું કશું જ ન કરી શકયો! હું તો તેની સુંદર આકૃતિ, ઊગતી વય અને તાજા લોહીનો જ શિકારી હતો!' માજી મને તે કાળે બહુજ ઓછું લાગ્યું હતું. ઉગ્ર પુણ્ય અને ભોગના ઉદયની જ્વાળા આત્મામાંથી પ્રકટતી સુધાને ઘણીવાર સૂકવી નાંખે છે. મારા સંબંધમાં પણ તેમજ બન્યું. સૂક્ષ્મતામાંથી સ્થૂલતામાં આવવામાં પુણ્ય સર્વથી મહાન નિમિત્ત છે, અને સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં જવા માટે પૂર્વનું આરાધકપણું, સત્પુરુષોનો પરિચય અથવા દુઃખનો રંગ એ ત્રણ મુખ્ય હેતુઓ છે, એમ હવે સમજાય છે. આ ત્રણે હેતુઓમાંથી એકકેનો મને તે કાળે સદ્ભાવ ન હોવાથી મારા હૃદયનાં ખૂલેલાં દ્વાર પાછા લગભગ બંધ થઈ ગયાં; છતાં કોઈવાર તેની તરફમાંથી તે સૂક્ષ્મ સૃષ્ટિનું ઝાંખું દર્શન થતું હતું. હૃદય એકે વસ્તુમાં સંપૂર્ણ વિરમેલું નહોતું. એક પક્ષે પુણ્યના ઉપભોગ કાળે તે પૂર્વના આઘાતો સાંભરી આવતા તેથી તે ઉપભોગની અડધી માત્રા નાશ પામતી અને અન્ય પક્ષે અંતર આગારમાં પ્રવેશવાનું એકકે બળવાન નિમિત્ત નહોતું. માતા! પુણ્યનો મહોદય આત્માને તેની ખરી અવસ્થા સમજવાની દરકારથી વિમુખ રાખે છે.

**ભદ્રા** : બેટા ! પણ હજી તારા પુણ્યરસનો મહાસાગર તો ભરેલોજ છે. શ્રેણિક જેવા રાજાઓ તારે ત્યાં તારા દર્શન અર્થે આવે એ તારા શુભના મહાનપ્રકર્ષને શું નથી સૂચવતું ? અને એ પુણ્યફળ પ્રસંગે તને આવો નિર્વેદ પ્રકટાવ્યો એ જોઇ મને બહુ આશ્ચર્ય થાય છે.

**શાલિભદ્ર :** આપે જ્યારે શ્રેણિકને નમવા માટે મને સૂચવ્યું તે ક્ષણની મારી હૃદયસ્થિતિ વિલક્ષણ હતી. આ શરીર જ્યારે નમવામાં રોકાયેલું હતું, ત્યારે આત્મા કોઇ અવ્યક્ત દર્દની ભાવના ઉપર ચડતો જતો હતો. જીવનભરમાં હું કોઈના આગળ નમ્રપણે અવનત થયો હોઉં તો તે માત્ર તે કાળે શ્રેણિક આગળ જ ! મને તે વખતે મારું પુણ્ય બહુ અધૂરું અને શ્રેણિકનું પુણ્ય મહદ્ ભાસ્યું. માજી, પુણ્યની મારી જૂની વ્યાખ્યા તે કાળે છૂટી ગઈ ! તમને જેમાં મારા પુણ્યનો પ્રકર્ષ ભાસ્યો તેમાં મને તે કાળે મહાન દુઃખનો હેતુ ભાસ્યો. જે કાંઇ પોતાના સુખાનુભવનું નિમિત્ત છે તેજ પુણ્ય હોવા યોગ્ય છે. આપને તે પ્રસંગ ગમે તેટલો સુખરૂપ ભાસ્યો હોય, પણ મને તો તે બહુ દુઃખનો હેતુ હતો; કેમકે મારું સુખનું અભિમાન તે વખતે છેકજ ગળી ગયું. આપે તે વખતે મને કહ્યું કે ' બેટા ! આ આપણા માલિક છે. આપણે તેમના બાળક અને આશ્રિત છીએ.' એ શબ્દોથી મારા હૃદયમાં સખ્ત ફટકો લાગ્યો ! અને મને મારું પુણ્ય સોસાઈ ગયેલું લાગ્યું. બીજાઓ જે માને તે કાંઈ પુણ્યોદયનું ખરું ધોરણ નથી, પણ ભોક્તા જે માને તેજ સાચું ધોરણ છે. જે અન્યની નજરમાં ' પુણ્ય ' રૂપ ભાસે છે તે ભોક્તાને ઘણીવાર ' પાપ 'ના ઉદયરૂપ ભાસે છે. જે નિમિત્ત વડે હૃદય સુખની લાગણી અનુભવે–પછી ભલે તે અન્યની નજરમાં ગમે તેમ જણાતું હોય–તે પુણ્યોદય છે. તેથી ઊલટું જે નિમિત્ત વડે હૃદય દુઃખાનુભવ કરે છે, તે અન્યની દૃષ્ટિએ ગમે તેટલું ઉત્તમ ભાસતું હોય તો પણ અનુભવ કરનાર તો ' પાપ 'નાજ ઉદયને વેદતો હોય છે.

**ભદ્રા :** તારા આ અનુભવમાંથી મને પણ બહુબહુ શીખવાનું મળે છે. વહાલા! સ્વપ્ને પણ ધાર્યું ન હતું કે સુખ અને આરામના ખોળામાં કાળ નિર્ગમતો મારો તનુજ આવા આવા અવસ્થાંતરો પામતો હશે. હું તો તને માત્ર મોજશોખની મૂર્તિ જ માનતી હતી!

**શાલિભદ્ર:** અને આપની તે માન્યતા સત્ય જ હતી. હું વિષયનોજ ગુલામ હતો. પુણ્યના રસનેજ મેં ચૂસ્યા કર્યો છે. કદી સાચો પ્રેમી પણ બની શકયો નથી, અને ભોગીપણાના અભિમાનને ગાળી નાંખી કશામાં પણ સ્વાર્પણ અનુભવી શકયો નથી. જો તેમ બન્યું હોત તો માજી! આ પ્રસંગને આવવાપણું નહોતું. સંસારમાં જે સ્વાર્પણની ભાવના સિદ્ધ કરી શકે છે તેને સંન્યાસ કે જંગલની અપેક્ષા રહેતી નથી. મારાથી તે બન્યું નહિ અને તેથીજ આ હૃદય કોઈ બીજો માર્ગ શોધવા તત્પર બન્યું છે. કેમકે ગઈ કાલથી એ પુણ્યના ઉદધિમાંથી માધુર્યનો નાશ થયો છે, એટલુંજ નહિ પણ તે છેકજ ખારો બની 'પાપ'માં પલટી જાય તે પહેલાં મારે ચેતવાની જરૂર છે. આજે જે મોળું અને ફીકું બન્યું તેને કાળક્રમે ખારું બનતાં કે સડી જતાં કોણ અટકાવી શકે તેમ છે?

**ભદ્રા :** બેટા! એ ચિંતા તો વ્યર્થ છે. તને અત્યારે શી વાતની કમી છે કે એ પુણ્યનો અંત એટલો ત્વરાથી આવવાનો તારે ભય રાખવો પડે? દૈવી લક્ષ્મી, યુવાવસ્થા અને મનોહારિણી સ્ત્રીઓનો સંયોગ તારા આ ક્ષણિક આવેગને થોડા કાળમાં ભૂંસી નાંખશે. તાત! કોઈ પણ સાહસમાં ઝુકાવું ઉચિત નથી.

**શાલિભદ્ર :** હું સમજું છું કે હૃદયના ગમે તેવા સખ્ત ધક્કાનો આત્મા અનાદર કરે છે ત્યારે કાળક્રમે તેની અસર ભુંસાઈ જાય છે, અને જૂના ચીલે તે હંમેશની માફક વિહરવા માંડે છે;

પણ આ ટૂંકા કાળમાં મને જે અનેક સત્યાનુભવો થયા છે તેમાં એ પણ એક છે કે હૃદયના ધક્કાનો ઉપયોગ કરી તે ઘા તાજોજ રાખવો, અને તે દર્દના જોસથી આત્માને આગળને આગળ વધારવો. **એ ધક્કાઓનો હેતુ માત્ર દુઃખ દેવાનો નથી, સત્યનું અને સંસારનું સાચું સ્વરૂપ સમજાવવાનો પણ હોય છે.** પામર મનુષ્યોને ગમે તેવા સખ્ત ધક્કાથી પણ કશી અસર થતી નથી, ત્યારે સુજ્ઞ મનુષ્યો એક સ્ફુરણમાંથી પણ અલૌકિક ફળ સિદ્ધ કરી શકે છે. એક સહજ માત્ર નિમિત્ત પણ તેમનાં હૃદયચક્ષુઓ ઉઘાડી શકે છે. હું બાલક હતો ત્યારે આપેજ કહેલી તે સંબંધની એક વાત મને અત્યારે સ્મરણમાં આવે છેઃ "પૂર્વે એક બીમાર રાજાને માટે તેની અનેક સ્રીઓ ભેગી મળી ચંદન ઘસતી હતી, તે વખતે તેમના હાથના કંકણોના એકત્ર થયેલા ધ્વનિએ રાજાના કર્ણમાં અરુચિકર ભાવ ઉપજાવ્યો. પટ્ટરાણીએ સર્વ રાણીઓને એક હાથમાં માત્ર એકેકજ કંકણ રાખી બાકીનાં દૂર કરવા કહ્યું. તેઓએ તેમ કર્યું એટલે તુરતજ તે કંટાળાભર્યો ધ્વનિ બંધ થયો. આટલા સહજ નિમિત્તે રાજાને તે કંટાળો બંધ થવાના હેતુઓનો વિચાર કરવા પ્રેરણા કરી. આખરે તેણે અનુભવ્યું કે એકત્વ એજ શાન્તિ છે. તુરતજ તેણે તે એકત્વ સિદ્ધ કરવા ભણી પોતાનું વીર્ય સ્ફુરાવ્યું, અને એ દિવ્ય સ્ફુરણામાંથી પોતાનું પરમ કલ્યાણ સિદ્ધ કર્યું." હું પામરને તો એવા અનેક પ્રસંગો આવ્યા હશે, પણ તેમાંથી કશી પણ ફળ સિદ્ધિ કરવાને બદલે આજ દિવસ સુધી ઊંડોને ઊંડો પુણ્યપાકમાં ડૂબતો જતો હતો. માજી! મનુષ્ય જ્યારે નાના ધક્કાઓમાંથી કશું તારણ કાઢતો નથી ત્યારે તેને મોટા ધક્કા એક પછી એક આવતા જાય છે, પણ લોલુપી આત્મા તે ધક્કાને દુઃખના ઉદયરૂપે જોઇ તેના વિરમવાની રાહ જોતો સંસારનો રસ ચૂસવામાં નિમગ્ન રહે છે. આખરે એવી અવસ્થાએ આત્મા આવે છે કે, ગમે તેવા સખ્ત ધક્કાથી પણ તે ટેવાઇ જાય છે, પણ તેનો ઉપયોગ

કરવા ભણી અથવા તે કયા માર્ગમાં દોરવા માગે છે તે વિચારવા પ્રતિ તે નજર સરખી પણ કરતો નથી. માતા! હવે મને પ્રમાદાવસ્થા ગમતી નથી. આ પ્રસંગનો ઉપયોગ કરી લેવામાંજ મને જીવન-સાફલ્ય સમજાય છે.

**ભદ્રા :** બેટા! ઇચ્છા હશે તો એ પ્રસંગ પણ ભાવિમાં બની આવશે. હજી તારું વય પણ એવું પ્રૌઢ નથી કે એવી ઉતાવળ કરવાની જરૂર હોય. તાત! હજી પુણ્યના ઉદયને ભોગવો અને પુત્રવત્સલ માતાને નિત્યની જેમ પ્રસન્નતા આપો.

**શાલભદ્ર :** જેને આપ પુણ્ય માનો છો તેનો અંત નજીકમાં નથી, એ હું પણ સમજું છું, પણ એક કાળે તેનો અંત છે એજ નિશ્ચય આ કાળે પણ તેના અંતને મારી દૃષ્ટિમાં સ્થાપે છે, અને ભાવિમાં બનવાના પ્રસંગને ભાવિને વીંધવા સમર્થ થયેલી દૃષ્ટિ, હમણાંજ મારી સમક્ષ ખડો કરે છે. વિચારશીલ મનુષ્યો ભાવિમાં થવાના અનુભવને અત્યારેજ અનુભવે છે, અને પાછળથી તાપનો હેતુ ન થાય એવી બાજી રચે છે. કાળને ધસાતાં વાર લાગતી નથી, અને એ ભયાનક ક્ષણ આંખો ફાડી ઊભી રહે છે. માજી! જ્યારે આ પુણ્યનો અંત એક ક્ષણે આવવો નિશ્ચિત છે તો પછી હું તેને નિરાંતથી કેમ ભોગવી શકું? અંતનો ભય એજ વર્તમાનમાંથી બધી મધુરતા લૂંટી લે છે. અજ્ઞાન મનુષ્યોજ પુણ્યનો રસભર્યો ઉપભોગ કરે છે. સમજ્યા પછી તો 'પુણ્ય' એ 'પાપ'માંજ પલટી જાય છે; કેમકે સમજુ પુરુષની નજર આખરના પરિણામ ભણી રહ્યાં કરે છે. તેની દૃષ્ટિ ભાવિના ધુમ્મસને ભેદી અંતિમ અવસ્થાનો અનુભવ તત્ક્ષણ લઇ શકે છે; અને તે સર્વનો સાર નિચોવી કર્તવ્યના ખરા માર્ગે વળે છે.

**ભદ્રા :** પણ તાત! પુણ્ય, પુણ્યને ખેંચી શકે છે. દ્રવ્યનો તને

તોટો નથી. મુચ્છા હોય તેટલું દ્રવ્ય દાનાદિક શુભકાર્યમાં યોજ! શુભ ક્ષેત્રોમાં વવાય તેટલું વાવ! ભવોભવ પુણ્યનોજ ઉપભોગ બની રહે તેવી યોજના કરવાની તને જેવી જોઇએ તેવી અનુકૂળતા છે.

**શાલિભદ્ર** : પણ માજી! એવીજ કડાકૂટમાં રહું તો પછી ભોગનો સમય ક્યારે રહે? ખૂટી રહેવાની બીક એજ મોટામાં મોટી પંચાત છે. વળી ભોગની લાલસાથી થયેલો પુણ્યસંચય પુણ્યને હલકી પંક્તિનું કરી નાખે છે. ભવોભવ ભોગ માટેજ જન્મવું અને મરવું એ સ્વર્ગ મેળવવા માટે ઝંપાપાત ખાવા જેવું છે. માજી! ભોગમાં કશી મીઠાશજ હવે ભાસતી નથી, મુદ્દલ શાન્તિ મળતી નથી. હવે તો આ આત્મા 'પુણ્ય' અને 'પાપ' બન્નેની પોટલીને એકત્ર કરી તેમાં આગ લગાડવા તત્પર થયો છે. મારા હિસાબે તો મારું પુણ્ય-પાપ સુકાઇજ ગયું છે, છતાં અવશેષ રહેલા સૂકા છોલાંને આપના દેખતાં હું ભસ્મીભૂત કરીશ તે વિના હવે આરામ નથી. ઉભયમાં મને એક સરખો કંટાળો છે. જેમાં અનંત નિમિત્તોથી હાનિ-વૃદ્ધિ થયાંજ કરે તેની ચીવટ રાખવી પાલવે તેમ નથી. મારા પુણ્યમાં જેને રસ ભાસતો હોય તેને એ વહેંચી દેજો; મને તો તેમાં કશીજ 'મજા' રહી નથી.

**ભદ્રા** : તાત! આ કંટાળો એ કાંઇ વિરાગ નથી; કદી વિરાગ હોય તોપણ તે બાળવિરાગ છે. પુણ્યની ખામીના વિચાર-માંથી પ્રકટેલી ભાવના કદી સ્થાયી રહી શકતી નથી. તારો અત્યા-રનો વૈરાગ્ય ગમે તેટલો તને વિશુદ્ધ જણાતો હોય તો પણ જે નિમિત્તથી તે પ્રગટેલો છે તે નિમિત્તનો લોપ થતાં તે પલટાઈ જશે, અને પૂર્વના ઉપભોગના વહેણમાં તને પાછો ઘસડી આણશે.

**શાલિભદ્ર** : માજી! આ ભયનું મને દર્શન કરાવી તેનાથી ચેતતા રહેવા માટે મને સૂચવ્યું એ ઉપકાર હું કદી વિસરી શકીશ

નહીં. ઘણા મનુષ્યો એવા પ્રસંગોથી પાછા જૂના ચીલે ચડી જાય છે. પરન્તુ જે ભાવના મને આટલે સુધી ચડાવી શકી છે, તે જ ભાવના એ ભયના સ્થાનથી મારું રક્ષણ પણ કરશે, એવો મને વિશ્વાસ છે.

**ભદ્રા :** બેટા! મારે એજ વાત પુનઃ પુનઃ કહેવાની રહે છે કે, પૂર્વની જેમ માતાના વત્સલ હૃદયને આનંદ આપવા અહીં જ સ્થિર રહો. આ આવેગનો થોડાજ કાળમાં લોપ થઇ જશે અને પછી હાલની આ 'મનોરથ સૃષ્ટિ' સ્વપ્નના જેવી ક્ષુલ્લક જણાશે.

**શાલિભદ્ર :** એ જ વાતથી હું ભયભીત છું, અને તેથી જ હું જેમ બને તેમ પ્રભુનું શરણુ વહેલું ગ્રહવા તત્પર બનતો જાઉં છું. જો આ પ્રસંગ–આ ધક્કો હૃદયમાં તાજો જ રાખી સમાહિત વૃત્તિથી સંસાર કે જંગલમાં એક સરખી રીતે રહેવા સમર્થ હોત તો આપના વત્સલ હૃદયને હું અત્યારે રોવરાવવાની નિષ્ઠુરતા કરત જ નહિ. પણ, માજી! એવા સામર્થ્યની ખાતરીનો અભાવ હોવાથી કહું છું કે આપ જો મને મળેલા પ્રસંગમાંથી ફળ લેવાની મનાઈ કરશો તો મારો અધઃપાત ક્યાં અટકશે તે હું કલ્પી શકતો નથી. અત્યારે જે ભોગલાલસાની નિવૃત્તિ હું અનુભવું છું તે મંગળ પ્રસંગ ભાવિમાં મળશે કે નહિ તે શું કહી શકાશે? વળી વર્તમા**નમાંથી જે મનુષ્ય સાર નિચોવી શકતો નથી તે ભાવિમાંથી શું નિચોવી શકવાનો હતો?** ભાવિમાં કરીશ–અથવા પ્રસંગ આવ્યે ત્યાગી શકીશ, એ પ્રકારનો 'વાયદો' જ મનુષ્યોને ડુબાવે છે, અને જ્યારે તે એમ માનતો હોય છે ત્યારે તે વધારે ને વધારે બળહીન બનતો જતો હોય છે. માજી! ભોગની તૃપ્તિ કદી બની શકી છે? આત્મા એ લાલસાથી કોઈ અપૂર્વ ક્ષણે જ નિવૃત્ત થઇ શકે છે, અને એનો લાભ તુરત જ જો તે નથી લેતો

તો તે સુવર્ણની તક ગુમાવી દે છે; એટલું જ નહિ પણ તે સાથે તેવી તકોનું પુનઃ આવવું દુર્ઘટ કરી મૂકે છે.

**ભદ્રા** : પણ તાત! મને જે સૌથી મોટો ડર છે તે તારા સુંદર દેહના અદર્શનનો નથી, પણ તારા પુનઃ પતનનો છે. ભોગ-લાલસાનો ત્યાગ આત્મા **એક જ ક્ષણમાં** સાધી શકતો નથી. તેણે બહુ ધૈર્યથી પોતાના રાગદ્વેષનું શોધન કરી પછી ઘટતો માર્ગ લેવો જોઇએ.

**શાલિભદ્ર : પતન** એ પણ **વિજય** છે. કોઇ શુભ પ્રવૃત્તિમાં અડધેથી હારી પાછા હઠવું એ મનુષ્યો ધારે છે તેમ હાર નથી, પણ આખી જીતને બદલે અડધી જીત છે. **હારના ભયથી પ્રવૃત્તિ જ ન કરવી એ આખી હાર છે.** અને આખી હાર કરતાં અડધી જીત અને અડધી હાર એ શું ખોટી છે? એક રૂપિયો કમાવા માટે પ્રવૃત્તિ કરનાર કદી અડધો રૂપિયો અથવા છેવટે એક પાઈ પણ મેળવીને આવે તો તે બિલકુલ ન કમાનાર કરતાં હજાર-ગણું ઉત્તમ છે; કેમકે તે ૧૯૨ દુશ્મનમાંથી એકનો તો પરાજય કરી શકયો છે. અને એક દુશ્મનને જીતનાર તે જીતમાંથી બીજા દુશ્મ-નોને જીતવાનું **તાજું બળ** પણ સાથે મેળવે જ છે. મૂર્ખ મનુષ્યો હારનારની હાંસી કરે છે, પણ ખરી રીતે તેવી હાંસી હારનારની નહિ પણ તેમની પોતાની મૂર્ખાઇની જ છે. માજી! હું 'પડું' એવો ભય આપ રાખશો નહિ. આપના જેવી માતાઓનું સંતાન એટલું બળ તો અવશ્ય સ્ફુરાવી શકશે.

**ભદ્રા** : તારા સુવર્ણ સરખા રમણીય દેહનું અદર્શન આ માતાથી કેમ સહી શકાશે? જો કે મારી આ ઇચ્છા સ્વાર્થની છે, તોપણ મારી ભાવનાને ધક્કો ન આપવો એ તારો પ્રથમ ધર્મ છે.

**શાલિભદ્ર:** ગત અનંતકાળમાં શાલિભદ્ર સરખા અનંત સંતાનોનો સંયોગ–વિયોગ તમારા આત્માએ અનંત વાર અનુભવ્યો છે, કાળ એ સર્વ દર્દોનું ઔષધ છે. અને જે દર્દ કાલ્પનિક છે તે લાંબો કાળ નભતું નથી. મારામાં આપને જે મમત્વ છે તે કાલ્પનિક જ છે, અને અલ્પકાળમાં આપની વિવેકદષ્ટિ તે મમત્વને ભૂંસી નાંખશે.

**ભદ્રા:** તો ભલે તાત ! સ્નેહસ્થાનનો સ્વાર્થ પ્રથમ સાચવવો એ સ્નેહીની પહેલી ફરજ છે. તમારું શ્રેય જે માર્ગે જણાતું હોય તે માર્ગે, બેટા ! વિવેકપૂર્વક વિહરો, અને મારા જેવી માતાઓને વિયોગનો પ્રસંગ ઉપજાવવા પુનઃ અવતરવું ન પડે એવું પરમ કલ્યાણ સાધો !

**શાલિભદ્ર:** માજી ! આ શબ્દો બોલતાં બોલતાં આપનું હૈયું છેક જ ગળી જાય છે. અને મિથ્યા મોહથી આપની જ્ઞાનદષ્ટિ પરાભવ પામેલી જણાય છે. આવી રાગવૃત્તિ આ દેહમાં શા માટે જોઇએ ? આ દેહના પરમાણુઓની આપને સુંદર ભાસતી ઘટના આદિ તેમજ અંતમાં નથી–માત્ર મધ્યમાં જ છે. આજે નહિ તો અમુક કાળ પછી એ ઘટના વીખરાવાનું નિર્માણ તો અવશ્ય છે જ.

**ભદ્રા:** બેટા ! એ તો અનંતકાળની જૂની ટેવનું બળ છે ! જ્ઞાન કરતાં લાગણીનું સામર્થ્ય સ્ત્રીઓમાં જરા વધારે હોય છે. પણ તાત ! હજી એક વાત કહેવાની બાકી રહે છે, અને તે સૌથી અધિક અગત્યની છે.

**શાલિભદ્ર:** કહો માજી !

**ભદ્રા:** એ જ કે 'પ્રભુના રાજ્ય'માં પગ મૂકતાં પહેલાં તે પગ ત્યાં સ્થિર રહી શકે તેવી તૈયારી આ 'મર્ત્ય રાજ્ય' માંથી

કરીને જ જવાની જરૂર છે. આત્મા જ્યારે ભોગના સંયોગમાં પણ પોતાના યોગ સાચવવા સમર્થ થાય છે ત્યારે જ તે ખરો યોગી બની શકે છે. એકાદ માસ ગૃહસ્થાવાસમાં રહો અને આ ચળકાટ જો સુવર્ણનો જ હશે તો તેટલા કાળની કસોટી પછી પણ કાયમ જ રહેશે; પણ જો માત્ર ઢોળ જ હશે તો તે તેટલા કાળના ઘસારામાં ખવાઇ જશે. અને ઢોળ પાછળ છુપાયેલી કાટવાળી ધાતુ ખુલ્લી થશે. બેટા, ઘણા પ્રસંગે એવું બને છે કે મનુષ્ય પોતાની વૃત્તિનું ખરું સ્વરૂપ સમજી શકતો નથી અને ન કરવાનું કરી બેસે છે. આખરે કાંઇ નહિ તો પણ જગતને એક ભ્રષ્ટતાનું દૃષ્ટાંત પૂરું પાડીને તેને શ્રદ્ધાહીન બનાવે છે અને પોતે પણ બને છે. મારા આ અનુભવમાં વિશ્વાસ આણો અને એકાદ માસ અહીં સ્થિતિ કરો. વળી, મનુષ્યસ્વભાવ આંચકાને સહી શકતો નથી. જ્યારે કોઇ કાર્ય **આવેગવશ** અને તાત્કાલિક થાય છે ત્યારે તે આંચકાનું બળ ઢીલું પડયા પછી **પ્રતિઆંચકા** ( પ્રત્યાઘાત ) નું બળ એટલું વેગવાન હોય છે કે મનુષ્યને ક્ષણવાર હારી પાછું હઠવું પડે છે. તેવો પ્રસંગ ન આવે તે માટે હૃદયની અવસ્થાઓને ગૃહવાસમાં રહી થોડો કાળ જુઓ, અને બને તેટલી મહાપ્રયાણની તૈયારી કરો. હૃદયનો મળ અહીં જ ધોઈ, શુદ્ધ થઈ, પ્રભુ પાસે જવાય તો તે માર્ગ કંટકરહિત થાય છે. હાલ તો કલ્પનાના પ્રદેશમાં તે પ્રભુની સૃષ્ટિ રચી ત્યાં વિહરો અને ત્યાં જે શરીરકષ્ટ અને સંકોચ ભોગવવા પડશે તે કલ્પનામાં જ 'સહતાં' શીખો, અડગ રહી શકવાનું બળ મનુષ્યે પ્રથમ પોતાની કલ્પનામાં સિદ્ધ કરવાનું છે, અને તે મેળવ્યા પછી સાક્ષાત્ અનુભવ માટે પ્રવૃત્તિ કરવી યોગ્ય છે.

**શાલિભદ્ર**: તો ભલે, માજી ! આપની સલાહ હું માન્ય રાખીશ, અને ત્યાગના સ્વરૂપને ધીમે ધીમે અહીંથી જ સિદ્ધ કરીને પ્રભુના ચરણે ગતિ કરીશ.

* * *

**શાલિભદ્ર:** માજી! એક માસ ઉપરની અવધ આજે પુરી થઇ ગઇ છે; અને તે કસોટીમાં આ આત્મા અચળ રહી શકયો છે. હવે રજા અને આશિષ આપો.

**ભદ્રા:** ભલે, બેટા! પધારો. પણ પ્રભુની આજ્ઞા લઈ આ માતાને પ્રસંગોપાત દર્શન આપતા રહેજો, અને તમારા અનુભવમાંથી પ્રકટેલ અમૃત, આ હૃદય જીરવી શકે તેટલા પ્રમાણમાં વખતોવખત સિંચતા રહી આપણા પૂર્વ સંબંધને સફળ કરજો. આટલો પક્ષપાત તો આ માતા ઉપર જરૂર રાખજો. પ્રભુ એટલી આજ્ઞા આપે તેવા દયાળુ છે. ( માથે હાથ મૂકી ) તાત! સુખેથી પ્રભુના શરણે જાઓ અને જીવનના પરમ ઉદ્દેશો વહેલા વહેલા સિદ્ધ કરો.

: ૨ :

# રાણી મૃગાવતી અને કુમાર મૃગાપુત્ર

**કુમાર :** માતા, આ સંકીર્ણ મર્યાદાનું અતિક્રમણ કરી વીર પ્રભુના સ્થાપેલા મહારાજ્યમાં પ્રવેશવાનો મારો નિશ્ચય મેં જ્યારથી તમારી આગળ દર્શાવ્યો છે ત્યારથી તમારી ચિત્તવૃત્તિ સમતોલ નથી. સંસારના ભોગવિલાસનો પરિત્યાગ કરવામાં આત્માને જે અસામાન્ય સંયમ બળનો પરિચય આપવો પડે છે, તે સંયમ બળનો કાંઈક અંશ તમારા તનુજમાં પ્રગટતો જોઇ તમને આનંદ અને ગર્વનો ભાવ પ્રગટવો જોઇએ તેને બદલે વિષાદ, વ્યામોહ અને કલેશ થતો જોઈ મારું હૃદય ભેદાઈ જાય છે.

**માતા :** બેટા, પ્રભુના મહારાજ્ય પ્રત્યે મને પણ પક્ષપાત અને પ્રેમ છે. પરંતુ એ પ્રેમને ખાતર હું મારા પુત્રભાવનું સમર્પણ કરી શકું એટલે દરજ્જે તે પ્રેમભાવ મારામાં પ્રગટયો નથી. મારા હૃદયની રણભૂમિ ઉપર પુત્રપ્રેમ અને વીરપ્રભુના સ્થાપેલા શાસનનો પ્રેમ એ ઉભય ભાવોનું યુદ્ધ ઘણા કાળથી ચાલી રહ્યું છે. પરંતુ તેમાં દર વખતે પુત્રપ્રેમનો વિજય થતો આવે છે. મારા આત્માની પરમ વિભૂતિ, મારા રક્ત માંસ અને પ્રાણનો અવિભાજ્ય

અંશ, મારા સુકુમાર લાલ, એવા તને એ દારુણ તપોભૂમિમાં જતો આ ચક્ષુથી હું નિહાળી શકું તે પહેલા આ હૃદય ભાંગી ગયું હશે.

**કુમાર** : તમારો આ મોહ અજ્ઞાન અને મિથ્યાત્વ ઉપર અવલંબી રહેલો છે. પ્રિય માતા, જ્યારે વિશ્વ અને ઇશ્વર સબંધીના ઉચ્ચતર સત્યો તમારા સમજવામાં આવશે ત્યારે એ અજ્ઞાન આપોઆપ અળપાઇ જશે અને પછી આ પુત્રને બદલે આપ ફક્ત એક ચૈતન્યનું સ્ફુલિંગ જ ત્યાં જોઇ શકશો. હું પુત્ર છું તે ફક્ત આપનીજ દૃષ્ટિએ છું, પરંતુ તે દૃષ્ટિ એ એક પક્ષે જેમ સાચી નથી તેમ સ્થાયી પણ નથી. એક દૃષ્ટિ વિશેષના પ્રભાવે આપના હૃદયમાં ઉપસ્થિત થતા વ્યામોહને આઘાત ન થાય તેટલા ખાતર પ્રભુના ઘરના ઉચ્ચતમ અને પરમ સત્ય દૃષ્ટિ બિંદુના લાભથી મને વંચિત રાખવો તેમાં માતાના પુત્ર પ્રત્યેના પ્રેમની સાચી સફલતા નથી, એમ તમે પણ અવશ્ય સ્વીકારશોજ.

**માતા** : માતાનો પુત્ર પ્રત્યેનો ધર્મ માતાઓએ પુત્ર પાસેથી શીખવો પડે એટલી હદે હજી સુધી માતૃહૃદયના ગૌરવ અને મહિમાનો લોપ નથી થયો. જે હૃદય માતૃહૃદયના ભાવો અનુભવી શકે નહીં તેમને માતાના ધર્મો નક્કી કરવાનો અધિકાર નથી. મુગ્ધ! માતાનો પુત્ર ઉપરનો સ્નેહ અજ્ઞાન ઉપર અવલંબીને રહેલો છે એમ માનવામાં તારા પોતાનાજ જ્ઞાનની લઘુતા પ્રતીત થાય છે. માતાનો સ્નેહ! હાય, ભોળા શિશુ! તે સ્નેહની લેશ પણ ઝાંખી તારા અંતરમાં ક્યાંથી આવી શકે? તું તે પવિત્ર ભાવને ક્યાંથી સ્પર્શી શકે? આ પરમ વિસ્મયકર મહાયોજનામાંથી માતાનો સ્નેહ અત્યારે ઊઠી જાય તો આજ ક્ષણે પૃથ્વી પરમ શૂન્યમાં લય પામી તેના મૂળ કારણમાં ભળી જાય! તું માતાના સ્નેહને આઘાત આપી પ્રભુના રાજ્યમાં પ્રવેશવામાં ધર્મ માને છે? જો પ્રભુનું રાજ્ય માતાના સ્નેહથી વિરોધ ધરાવતું હોય તો તે રાજ્ય એ પ્રભુનું નહીં

પણ જરૂર કોઇ પિશાચનું છે. પુત્ર જો માતાની સ્નેહભાવનાને ઠોકર મારે અને તેની અવજ્ઞા કરે તો આ વિશ્વમાં ઘોર અનિયમ અને અવ્યવસ્થાનું રાજ્ય વર્તવા માંડે. બેટા ! તારી માતાનું હૃદય જે નિમિત્તથી દુભાય તે નિમિત્ત અગર બીજી રીતે ગમે તેવું પ્રશસ્ત અને આદર યોગ્ય હોય તોપણ તેનો સ્વીકાર તે તારા શ્રેયને અર્થે નથી જ.

**કુમાર :** વહાલી માતા, મેં અત્યાર સુધી આપના સ્નેહની કદીપણ અવજ્ઞા કરી નથી. તમારો પ્રેમ કેવો અગાધ, અપેક્ષા હીન, અમર્યાદ અને પવિત્ર છે તે ન સમજી શકું તેવો હું છેકજ અજ્ઞ નથી. તમારા સ્નેહની વિપુલતાની ખામીને લઇને હું તેનો ત્યાગ કરું છું તેમ નથી પરંતુ એક ઉચ્ચતર કર્તવ્યનો પોકાર મારી અંતર ગુહામાંથી નિરંતર ઊઠી મને પ્રવૃત્તિના કોઇ ભવ્યતર ક્ષેત્ર તરફ નિમંત્રી રહેલ છે. હું તે દિવ્ય સંદેશને સન્માન આપી મારી હાલની નાની ગડમથલોથી છૂટો થવા તૈયાર થયો છું, માતાનો સ્નેહ મારા એ કર્ત્તવ્યમાં અંતરાય આપે તો પછી મારે તેને આઘાત આપ્યા સિવાય અન્ય શું માર્ગ છે?

**માતા :** અન્ય કશોજ માર્ગ નથી. માતા અને પુત્ર વચ્ચેનું સ્નેહ બંધન બન્ને પક્ષની સંમતિ વિના તૂટી શકે નહીં. કદાચ પુત્ર પક્ષ તે બળાત્કારથી તોડવા માગે તો તેમાં વિષમતા, અસ્વાભાવિકતા અને પ્રકૃતિના મહાનિયમનું ઉલ્લંઘન છે.

**કુમાર :** હું સંસારનો કીડો બની પ્રાકૃત મનુષ્યોને સુલભ જીવન વિતાવું એ તમને પસંદ છે કે જે બંધનમાં સમસ્ત સંસાર બંધાયેલો છે તેને તોડી આપ્ત જનોએ ઇષ્ટ રૂપે સ્વીકારેલા પરમ લક્ષ્ય ભણી ગતિ કરી વીરત્વ સ્ફુરાવું એ પસંદ છે? જે માતાઓ પોતાના પુત્રને બાળપણમાં ખેલનું એક રમકડું ગણી તેને શણગારી

ઝુલાવી ફુલાવી આનંદ માને છે, મોટી વયે વિવાહના બંધનમાં નાખી પુત્રવધૂના સુખનો લહાવો લે છે, અને જેમ બને તેમ તેને અધિક અધિક સંસારપ્રિય બનાવવા ઉત્સુક રહે છે, તેવી અજ્ઞાન હર્ષ ઘેલી માતાઓ કરતા તમારામાં હું કાંઇ વિશેષતા જોઉં છું. પ્રભુના માર્ગમાં ગતિ કરવાની મારામાં જે કાંઈ સ્વલ્પ અભિરુચિ ઉત્પન્ન થયેલી છે તેનું બીજ પણ આપનાજ રક્તમાંથી મને મળ્યું છે. મનુષ્ય–જીવનની સફળતા પ્રાપ્ત કરવાની જે મહત્ત્વાકાંક્ષા મારા હૃદયમાં રહેલી છે તે આપના દ્વારાજ ચરિતાર્થ થવા નિર્માયેલી હોય એમ મને ભાસે છે. જો તેમ ન હોય તો મારા દેહનો આવિર્ભાવ આપની દ્વારા હોતજ નહીં.

**માતા :** પણ બેટા, સંસારમાં રહીને એ બધું શું નથી બની શકતું? સંપ્રદાયે કલ્પેલો સાધુત્વસૂચક પરિવેશ ધારણ કરવામાં આવે તોજ પ્રભુનો માર્ગ પ્રાપ્ત થાય તેમ છે? ઊલટો પ્રભુનો ઉપદેશ તો એમ છે કે સંસાર એજ આત્માના ગુણો કેળવવાની શાળા છે. પ્રેમ, દયા, અનુકંપા આદિ સુકોમળ વૃત્તિઓ; સાહસ, ધૈર્ય, વીરત્વ, આગ્રહ, આદિ કઠોર વૃત્તિઓ; અને તે વૃત્તિઓના અનુશીલનમાંથી ઉદ્ભવતો અતિ વિરલ અને કીમતી અનુભવ આંહી સંસારની વિવિધ પ્રવૃત્તિઓના ખેંચાણમાં જેવો પ્રાપ્ત થવા યોગ્ય છે તેવો એ પરિવેશ ને અંગે રહેલી પ્રવૃત્તિમાં નથી.

**કુમાર:** ગુરુદેવ કહેતા હતા, અને મને પણ એવો અંતરગત વિશ્વાસ છે કે એ સઘળા આવશ્યક ગુણોનો પરિપાક લઈનેજ હું અવતર્યો છું. મારો આવેગ કાંઈ વિષાદ, નિર્વેદ કે દુઃખમયતાની ભાવનામાંથી જન્મેલો નથી. કેમકે મારી આસપાસ ચોતરફ પ્રમોદ આનંદ, ઉત્સાહ અને સુખદાયક પરિસ્થિતિ જન્મથીજ મારા ભાગ્ય વિધાતા તરફથી ગોઠવાયેલી છે. સંસાર અને સમાજ જે કાંઈ સુખ

મનુષ્યને આપી શકે તેમ છે તે સઘળું વિપુલ પ્રમાણમાં મને પ્રાપ્ત છે. આથી મારી વર્તમાન સ્ફુર્તિ કોઇ પ્રકારના લૌકિક ઉપાદાનમાંથી ઉદ્‌ભવતી નથી, તે તો આપ પણ સ્વીકારશોજ. આપ જે ગુણોના અનુશીલન અને પ્રાપ્તિ માટે મને સંસારમાં નિવાસની આજ્ઞા આપો છો તે ગુણના ઉપયોગ માટે મને આંહીં કશો અવકાશ નથી. વળી આંહીં કયા પદાર્થો મેળવવા માટે મારે સાહસ, ધૈર્ય, વીરત્વ આદિ પ્રખર ગુણોનો પરિચય આપવાનો રહે છે? હું જે કાંઈ મેળવવા સહેજ ઈચ્છા કરું છું તે મારું અદૃષ્ટ વિના પ્રયત્ને—અનાયાસે મારી સેવામાં હાજર કરી દે છે. ગગન—સ્પર્શી પ્રાસાદો, બહુમૂલ્ય અલંકારો, આભરણો, બાગ—બગીચા, વાહન, આદિ સુખકર ઉપકરણો મને એટલા વિશેષ પ્રમાણમાં ઉપલબ્ધ છે કે મારા મનથી તે સર્વનું કશુંજ મહત્ત્વ રહ્યું નથી. મારા ઉચ્ચ ગુણોના ઉપયોગનું વાસ્તવ ક્ષેત્ર હવે તો મેં નિર્દિષ્ટ કરેલ છે તેજ ભાસે છે. મારી શક્તિઓ કોઇ પ્રકારના લૌકિક સાધનોની પ્રાપ્તિ માટે વાપરવાનો અવકાશ નથી. તે શક્તિઓને હવે અંતરની ભૂમિ ઉપર કાર્ય કરવાનું નિર્માણ છે. માતા! પ્રવાહના સ્વાભાવિક વેગમાં અંતરાય આપના તરફથી તો ન જ આવે એમ હું ઇચ્છુ છું,

**માતા:** ફરી ફરીને મારો એજ પ્રશ્ન છે કે એ બધું આંહી સંસારમાં રહીનેજ શું નથી બની શકતું?

**કુમાર:** બની શકે તેમ છે. પરંતુ માતા! સઘળા મુમુક્ષુઓ કાંઇ સર્વ પરિસ્થિતિઓમાં એક સરખા અખંડ નિર્લેપ અને અનાસક્ત રહી શકતા નથી. આત્મિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં આંહી જેટલા વિઘ્નો, અંતરાયો અને પ્રલોભનો છે તેટલા પ્રભુએ સ્થાપેલા મુમુક્ષુઓના મહારાજ્યમાં નથી. વળી હું જ્યાં જવા માટે તત્પર છું તે પણ એક પ્રકારનો મહત્તર, ઉચ્ચતર સંસારજ છે. અને આત્માના ઉચ્ચ અંશોને અભિવ્યક્તિ પામવાની શાળા છે. આપ જેને સંસાર

કહો છો તેનાથી એને છૂટો પાડવામાં આપ ભૂલ કરો છો. મનુષ્યનું અંતઃકરણ એજ તેનો સંસાર છે અને જ્યાંસુધી એ ઉપાધિનો આત્યંતિક લય નથી થયો ત્યાંસુધી મનુષ્ય વસતીમાં હો કે જંગલમાં હો, હર્મ્યતળ ઉપર હો કે ગિરિ કંદરમાં હો, તો પણ તે એકજ સરખી રીતે સંસારમાં છે. માજી! હું સંસારમાંથી છૂટવાનું અભિમાન રાખી આપનાથી વિખૂટો પડતો નથી, પરંતુ પ્રવૃત્તિનો પ્રદેશ બદલી એક મહત્તર જીવનના અનુભવ માટે પ્રયાણ કરું છું.

**માતા:** મારા દષ્ટિ–પથમાં રહીને જ એ પ્રભુ–મય જીવનનો અનુભવ કરવા આ માતૃહૃદય તને વીનવે છે.

**કુમાર:** પુત્રને માતા તરફથી વિનંતિ હોયજ નહીં. આજ્ઞાજ હોય. વહાલી માતા! હજી વિશ્વના મહાનિયમો એજ ક્રમથી કામ બજાવે છે. સૂર્ય પૂર્વમાં ઊગે છે; પશ્ચિમમાં અસ્ત પામે છે. ઋતુઓના પરિવર્તન એજ નિયમને અનુસરી નિર્માય છે. અગ્નિ ઉષ્ણ છે, જળ શીતળ છે, વાયુ ગતિશીલ છે, પર્વત સ્થિર છે, એ સર્વ જ્યારે વિપરીત ગુણો ધારણ કરી વિશ્વમાં ઘોર અનિયમ ઉપજાવશે ત્યારેજ માતાઓ પુત્રને વિનંતિ કરશે, અને પુત્રો સ્થિરચિત્તથી હૃદયમાં કાંઇ પણ આઘાત અનુભવ્યા સિવાય એ અરજનો અસ્વીકાર કરી માતાઓની ઇચ્છાને તુચ્છ ગણશે. મા! આજ્ઞા આપો, આપની ઇચ્છાને અનુસરવા હું તત્પર છું. આપનો મોહ જ્યાંસુધી નહીં ભાંગે ત્યાંસુધી આ જન્મ દાસ આપની સેવામાંજ હાજર છે.

**માતા:** નહીં તાત! તારી અંતર્ગત ઇચ્છાથી મારી ઇચ્છાનો વિરોધ હોયજ નહીં. હું તને સુખી જોવા ઇચ્છું છું. હું મારા પોતાના સુખને ખાતર તને મારી સમીપ રાખવા નથી માગતી, પણ તારાજ સુખને ખાતર તને આંહી રાખવા માગું છું. આંહી કરતાં ત્યાં તને અધિક સુખ છે એ વિશ્વાસ હજી મારા હૃદયમાં બેસતો નથી. તું

કદાચ કોઈ ક્ષણુ–સ્થાયી આવેગને વશ બની આ સાહસ કરતો હો એવી મને આશંકા છે. કદાચ તને વસતી કરતાં જંગલ પ્રિય હોય તો આપણા આ વિશાળ બાગને જંગલમાં ફેરવી નાંખી તારી જંગલની વાસના તૃપ્ત કરું, વૈભવનો તને તિરસ્કાર હોય તો તેને તારાથી દૂર રાખી તે તને સ્પર્શવા કે દેખવા પણ ન પામે એવી વ્યવસ્થા આંહીજ કરું, તારી સ્ત્રીઓને તેમના પિતૃગહોમાં મોકલી આપું, અનુચર વર્ગને રજા આપું, આહારમાં નીરસતા મૂકું, જળમાં ઉષ્ણુતા રાખું, વસ્ત્રોને કળાહીન બનાવું, ચોતરફ શુષ્કતા, રસહીનતા, કઠોરતા, તપસ્વિતા, અને નિર્વેદમયતાના પરિચારક ઉપવેષ્ટનો ઉપજાવું, અને તારી સંસાર નિર્વાસનની અભિલાષાને આંહીં જ સફળ કરું. પણ હું તને આંહીથી ગયેલો જોવાનું સહી શકતી નથી.

**કુમારઃ** મા આપ ધારો છો તેટલો હું અજ્ઞ કે અબોધ નથી. મારું સુખ શેમાં છે તેનો મેં ન્યૂનાધિક અંશે વિવેકપૂર્ણ નિશ્ચય કરેલો છે અને તે ઉપરાંત સર્વથી અધિક બળવતી, પ્રભુના ઉપદેશાયેલા માર્ગ પ્રત્યેની મારી શ્રદ્ધા છે. આપ કદાચ મારા આંહીં વસવામાં મને સુખી હોવાનું કલ્પતા હો તો તે ભ્રાંતિ છે. પુણ્ય–સંચયમાંથી ઉદ્ભવતી સુખકર સામગ્રીની જેમને યથેષ્ટ પ્રમાણમાં પ્રાપ્તિ નથી તેમને તે પદાર્થોમાં સુખદાયકપણાનો વ્યામોહ રહે છે. પરંતુ તે પદાર્થો જેમને ઇચ્છાતીત પ્રમાણમાં ઉપલબ્ધ છે તેમને તેમાં કશું જ સુખકારકપણું ભાસતું નથી. મારી માનસિક સ્થિતિ તે પ્રકારની છે. હું એ પદાર્થોમાંથી ઊપજતા સુખોને એટલો બધો ટેવાઈ ગયો છું કે હવે તેમાં મને કશીજ નવીનતા, સુંદરતા કે સુખમયતા જણાતી નથી.

**માતાઃ** બસ. એજ મારા હૃદયનો કાંટો છે. તું જે સુખ માટે પ્રભુની પાસે જાય છે, તે સુખ તને તારી વર્તમાન ચિત્તસ્થિતિના

કારણથી ત્યાં પણ મળે તેમ નથી. પુણ્ય રસના બાહુલ્યથી ઊપજેલો તારો આ નિર્વેદ ત્યાં જતાંવેંતજ લય પામી જશે એમ મને ભય છે. તું શું શોધે છે, કયા હેતુથી તારું એ રાજ્યમાં પ્રયાણ છે, એ હજી તું સમજ્યો હોય એ વિષયમાં મને શંકા છે. સુખની શોધથી સુખ મળતું નથી એ પ્રભુનો માર્મિક ઉપદેશ હજી તું સમજ્યો નથી.

**કુમારઃ** માતા! મારી ઈચ્છાનો વેગ સુખ તરફ નથી. પણ કલ્યાણ તરફ છે. પરંતુ કલ્યાણ પરોક્ષ રીતે આત્માનું વાસ્તવ સુખ સાધી આપનાર હોવાથી જ હું સુખ પ્રાપ્તિના માટે એ પ્રદેશમાં જાઉં છું એમ માનવામાં આપત્તિ નથી. હું સમજું છું કે મનુષ્ય સુખ શોધવામાં પોતાના સ્વાર્થને શોધે છે. અને કલ્યાણ શોધવામાં તે પોતાના પરમ અર્થને શોધે છે. પરંતુ અર્થ તો ઉભયમાં રહેલોજ છે. કલ્યાણમાં તાત્કાલિક સુખનો હેતુ હોતો નથી, છતાં તે સાથે સુખ તો સ્વતઃ સહગામીજ રહે છે. પરંતુ સુખમાં કલ્યાણનો સંકેત હોતો નથી અને કેટલીકવાર સુખ, કલ્યાણનું વિરોધી હોય છે. એ પણ હું સમજું છું. આ કાળે જો કે મારા પુણ્યરસની વિમળતાના પ્રભાવથી તેમાંથી ઉદ્ભવતી સુખોની પરંપરા મારા અકલ્યાણને અર્થે પ્રવર્તતી નથી, તેમ છતાં કોણ કહી શકે તેમ છે કે કઈ ક્ષણે એ પુણ્યરસમાં વિકાર થશે? અને તેના પ્રભાવથી અત્યારે જે ભોગ–સાગરમાં હું ક્રીડા કરી રહ્યો છું તેમાં જ હું ડૂબી મરી જઈશ? ગુરુએ મને અનેકવાર કહ્યું છે કે ભવસાગરનો પાર પામવાનું કાર્ય સવિશેષ પુણ્યવાનને જેટલું કઠિન છે તેનાથી હજારમે અંશે સામાન્ય જનોને હોતું નથી. આથી મને જે ખરેખરો ભય છે તે મારા અત્યારના પુણ્યોદયનો છે. પુણ્યજન્ય ભોગસામગ્રીએ મારા આત્માના અનેક ઉચ્ચ અંશોને મલીન રાખ્યા છે. અને તેનું દુઃખદ ભાન મને નિરંતર સંતપ્ત રાખ્યા કરે છે.

**માતા:** પણ ભાઈ ! તારા પુણ્ય–મહોદધિમાંથી પાત્રો ભરી ભરીને તું સંસારને પાયા કરીશ તો તેમાં પણ તારા આ ભવનું ચરિતાર્થપણું રહેલું છે, પુણ્યની સફળતા પુણ્યના ફળના ત્યાગમાં છે કે સંસારના શ્રેય અર્થે કરેલા તેના ઉપયોગમાં છે એ તને સમજાવવાની જરૂર છે ?

**કુમાર:** માતા ! આ સ્થૂલ લક્ષ્મી કરતા એક અત્યંત મહાન વસ્તુ હું સંસારને મુક્ત હસ્તે વહેંચવા માગું છું. લક્ષ્મી એ પ્રભુનો સ્થૂલ અંશ છે; અને મારા અભિમાની દ્વારા એ જડ પ્રવાહ વહે તે કરતા પ્રભુના સ્વરૂપના ઉચ્ચતર અંશો રૂપી અમૃત પ્રવાહ વહે એ મને અધિક પ્રિય છે. અને તેવો અધિકાર પ્રાપ્ત કરવા માટે હું પ્રભુના રાજ્યની દીક્ષા લેવા તત્પર થયો છું. મારી અત્યારની સ્થૂલ લક્ષ્મીએ મારી અને વિશ્વ વચ્ચે એક કૃત્રિમ ભેદ ઉભો કરેલો છે. અને તેથી મારી સ્વરૂપ પ્રાપ્તિમાં એક અંતરાય પ્રગટેલો છે. હું ધનવાન અને બીજા દીન; હું મહેલમાં વસનાર અને બીજા ઝુંપડીમાં વસનાર; હું સ્વરૂપવાન અને બીજા સામાન્ય; એવા વિવિધ ભેદોના ભાનથી હવે મને કંટાળો આવ્યો છે. તે સાથે કાળ ક્રમે એ ભેદના ભાનથી મારા અંતરમાં ઉત્પન્ન થતું કષ્ટ કદાચ લોપ પામે તો મારા ઉદ્ધારની આશાનો પણ તે સાથે જ લોપ થાય અને હું ભોગના કીચડમાં ઊંડો ઊંડો ઊતરતો જઈ પ્રાકૃત પામર બની જઉં એ પણ મને મોટામાં મોટો ભય છે.

**માતા:** અત્યારે જેમ ધનવાન અને દરિદ્રીના ભેદનું ભાન રહે છે, તેમ ગુરુના સામીપ્યમાં જ્ઞાની અને અજ્ઞાની, લિપ્ત અને મુમુક્ષુ એવા ભેદોનું ભાન રહ્યા જ કરવાનું. તો પછી એ કરતા અત્યારની જ ભેદભાવવાળી ચિત્તસ્થિતિ શું ખોટી છે ?

**કુમાર:** અભિમાનનો સર્વથા લય થતા સુધી કોઇને કોઈ પ્રકારના ભેદોનું ભાન તો રહ્યા જ કરવાનું એ નિર્માણ આ મહા

યોજનામાં પદે પદે ભાસ્યમાન થાય છે. પરંતુ એ ભેદભાવનું સ્વરૂપ હાલના સ્થૂલ ભેદભાવ કરતા ઉચ્ચ પ્રકારનું છે. તે ઉપરાંત હાલની સ્થિતિ અને ત્યાંની સ્થિતિમાં મહત્ત્વનો તફાવત તો એ છે કે ત્યાં સર્વ પ્રકારના મનુષ્યો સાથેના સંબંધ પરત્વે સંપૂર્ણ વિમુક્તપણું છે. આંહીં આ મહેલનું આવરણ મારા બંધુ આત્માઓ સાથે બાધાહીન સંપર્કમાં આવવામાં મને વિઘ્ન રૂપ છે. અખિલ માનવજાતિ સાથેનો મારો આત્મગત સંબંધ જાણે લોહની સાંકળથી જકડી લેવાયો હોય તેમ મને અનુભવાયા કરે છે. રસ્તે જતા ભિખારીના છોકરા સાથે મને કેટલીક વાર ભેટવાનું મન થાય છે, પરંતુ તેમ કરતા તમારી આ ધનવાનપણાની બનાવટી મર્યાદા મને અટકાવે છે, તે કષ્ટ મને અસહ્ય થઇ પડે છે. પુણ્યોદયે રચેલો આ ભેદ અન્યને ગમે તેટલો રુચિકર હોય પરંતુ મને તો તે મારા સ્વાતંત્ર્યમાં અંતરાય રૂપ ભાસે છે. માતા ! એ અંતરાયમાંથી મને છૂટવાની આજ્ઞા આપો. મારી લક્ષ્મી વડે થવા યોગ્ય પરોપકારના કાર્યમાં મને એક પ્રકારની શરમ આવ્યા કરે છે. હું આપનાર, અને મારા અન્ય માનવ બંધુઓ સ્વીકારનાર; હું દાન કરું તેઓ તે ગ્રહણ કરે; એ વ્યાપારમાં મારા ભવયાત્રી બંધુઓનું અપમાન રહેલું છે એમ મને લાગ્યા કરે છે. મને એ અભિમાન અને એ શરમથી બચાવો એજ મારી પ્રાર્થના છે.

**માતા**: પણ બેટા, તને જતો કરવામાં મારા રોમેરોમમાં પ્રાણવાયુની પેઠે વ્યાપેલા માતૃભાવને કેટલો આઘાત થશે એની તને કાંઇ કલ્પના નથી ? તાત ! તને ગુમાવ્યા પછી આ માતાનું હૃદય ભાંગી જશે. તમો કઠોર હૃદયની પુરુષજાતિ સ્નેહ, પ્રેમ, દયા, મમતા આદિ પુષ્પ જેવા સુકુમાર ભાવોનું પૃથક્કરણ કરી તેમાંથી સુગંધને નિચોવી કાઢો છો, અને પછી દુનિયાને પૂછો છો કે આમાં મોહકતા, મનોહારિતા અને સુકોમળતા કયાં છે ? તું પણ અત્યારે

તેમજ કરવા બેઠો છે. મને તારા વિષે રહેલી મારી પુત્ર–ભાવનાનું વિશ્લેષણ નથી ગમતું. તને મારો ગણવામાં ગમે તેટલી ભ્રાન્તિ તારી શાસ્ત્ર દૃષ્ટિને ભાસતી હોય છતાં મને તો તે ભ્રાન્તિ, તે વ્યામોહ, તે ભ્રમમાં જ આનંદ છે. મને તેમાં જ પડી રહેવા દે.

**કુમાર:** પણ માતા ! એ આનંદનો કેવો પ્રત્યાઘાત થવા નિર્માયો છે તે વાત પણ આપે લક્ષ્યમાં લેવી ઘટે છે. જેટલો પ્રબળ મોહ તેટલો જ પ્રબળ શોક પરિણામે સહન કરવો પડે છે. મોહવાન આત્માને છેવટે તો કુદરત બળાત્કારથી આંખો ખૂલવાની ફરજ પાડે છે. અને તે વખતે તેના પ્રત્યેક અંશમાં અસહ્ય કષ્ટ થાય છે.

**માતા:** એ સર્વ કષ્ટ હું મારી ભ્રાન્તિના વિલોપન કાળે સહી લઈશ. એ સહવામાં હું તે કાળે નિર્બળ નહી બનું પણ મને અત્યારની મારી ભ્રાન્તિમાંથી ઊપજતું સુખ અનુભવવામાં તું બાધા ન કર એમ મારા હૃદયનો પોકાર છે.

**કુમાર:** સમજુ મનુષ્યો ભવિષ્યમાં કરવાનું વર્તમાનમાં જ આટોપી લે છે. ભ્રાન્તિને સમજ્યા પછી તેને નિભાવવામાં તેમાંથી ઉદ્ભવતું અરધો અરધ સુખ તો આપોઆપ નષ્ટ થઈ જાય છે. માતા ! વિશ્વની નિયામક અને વ્યવસ્થાપક મહાસત્તા મનુષ્ય હૃદયમાં અમુક કાળ સુધી ભ્રાન્તિ અને ભ્રમ રાખે છે તેનો પણ કાંઇ દિવ્ય સંકેત હોય છે. પરંતુ એ સંકેત સિદ્ધ થયા પછી તેજ મહાસત્તા તે ભ્રાન્તિમુગ્ધ હૃદયમાં પ્રકાશના કિરણ ફેંકીને તેને તેની ભ્રાન્તિ-મયતાનું ભાન કરાવે છે, અને તે દ્વારા એમ સૂચવે છે કે હવે તે ભ્રાન્તિને અધિક કાળ નિભાવવાની અગત્ય નથી. તે પછીથી ડાહ્યા મનુષ્યો તેને ધીરે ધીરે પોતાના અંતરમાંથી તજવા માંડે છે. કદાચ મનુષ્ય કુદરતની તે સૂચનાની અવગણના કરી પોતાની પૂર્વની ભ્રાન્તિમાં પડી રહેવાનું પસંદ કરે છે તો કુદરત સખ્ત ઉપાયથી કામ લે છે.

અને તેમ થાય તેમાં સુખ કે આનંદ નથી. મા ! આપને કુદરત તરફથી એ નિર્દેશ અત્યાર સુધીમાં મળી ચૂકયો છે. અને મારા વિષેની પુત્રપણાની ભ્રાન્તિનો ધીરે ધીરે પરિત્યાગ કરવા આજ્ઞા મળી ચૂકી છે. આત્માને તેની ઉત્ક્રાન્તિના પથમાં પગલે પગલે પોતાની પ્રિય ભાવનાઓનું સમર્પણ કરવાનું દૈવી વિધાન છે. તે વિધાનમાંથી કોઇ જ મુક્ત નથી. મોહની ઝાકળને જ્ઞાનના પ્રકાશથી વિખેરી નાખવાનો પુરુષાર્થ કરવાનો પ્રબોધ ગુરુદેવે કેટલી વાર આપણને કરેલો છે તે યાદ આપવાની જરૂર નથી. તેવો પુરુષાર્થ કરવાનો આ યોગ્ય પ્રસંગ છે. ખરું છે કે તેમાં કષ્ટ છે. પરંતુ તે કષ્ટ, નાનપણમાં રમકડા છોડાવી ભણવામાં લગાડતી વેળા આપે મને આપેલા કષ્ટ જેવાં ક્ષણિક છે.

**માતા**: ભાઇ ! તારી વાણીના પ્રકાશથી મારો મોહ અને મોહજન્ય સુખનું ભાન ક્ષીણ થતું અનુભવાય છે. હાય ! નિષ્ઠુર કુદરત ! આ મોહ અને ભ્રાન્તિના મહેલો શું આખરે વિખેરી નાખવા માટે જ તું રચે છે ? નિર્દય જ્ઞાન ! મારું એકાંત હ્રદયનું નિભૃત પ્રિયસુખ છીનવી લેવા માટે જ તારું નિર્માણ થયેલું છે ? તને મારા અંતરમાંથી હાંકી કાઢવાનું મને મન થાય છે કેમકે તારા તરફથી મને કાંઇ ઉચ્ચતર પદાર્થ આપ્યા સિવાય તું મારું વર્તમાન સુખનું પ્રિય અવલંબન પડાવી લે છે.

**કુમાર**: માતા ! માતા ! કુદરત અને જ્ઞાન આપ માનો છો તેમ હ્રદયહીન નથી. અત્યારે આપને છે તેનાથી અધિકતર આનંદનું અવલંબન આપીને જ તે આપની પાસેથી આ સ્વાર્પણ માગે છે. એ મહત્તર અવલંબનનું સ્વરૂપ આપના વર્તમાન ભ્રાન્તિજન્ય અશ્રુના આવરણને લીધે હાલ તો આપને કદાચ નહીં સમજાય, પણ કાળે કરી તે સ્વરૂપ આપના અંતરાકાશમાં ઉદયમાન થઇ આપને અધિક સ્થાયી સૌમ્ય અને સ્નિગ્ધ સુખનું ભાન કરાવશે જ. અમુક કાળની

અવધિના અંતે તે પણ લોપ પામી તેના સ્થાને તેથી પણ મહત્તર, ઉચ્ચતર અને સૂક્ષ્મતર આનંદનું અવલંબન મળશે અને તે પ્રમાણે આત્માની ઉત્ક્રાન્તિના ચરમ લક્ષ્ય સાથે ઐક્ય સધાતા પર્યંત ચાલ્યા જ કરશે. માતા ! આપના હૃદયને પુત્ર ભાવનું સમર્પણ કરવામાં જે કષ્ટ અનુભવાય છે તે માંહેનું મને કશું જ નથી એમ માનશો નહિ ! પરંતુ વિશ્વના મંગળ નિર્માણમાં મને આપના કરતા અધિક શ્રદ્ધા હોવાથી જ મરામાં ધૈર્ય અને શૌર્ય છે. આપ પણ પ્રભુના ઉપદેશ અને આદેશમાં શ્રદ્ધા રાખો, એ શ્રદ્ધાના બળથી જ આજે જે નથી સમજાતું તે આવતી કાલે સહેજે સમજી શકાશે. પણ માતા ! આ હું શું જોઉ છું ! આપની આંખ માંહેના અશ્રુ મારું સર્વ જ્ઞાન, સર્વ સાહસ, સર્વધૈર્ય પીગાળી નાંખે છે.

**માતા :** બેટા ! આ આંસુ નથી, પરંતુ આંસુનું રૂપ ધારી આવેલી તારી ઇચ્છાનુસાર આજ્ઞા છે, માતાની જીભ તેવી આજ્ઞા કરતા અચકાય છે તેથી માતાના હૃદયમાં રહેલો પ્રભુત્વનો અંશ અશ્રુ દ્વારા આજ્ઞાનો સંદેશ મોકલે છે. પણ તાત ! હું તને છેક જ ગુમાવીશ ?

**કુમાર :** ગુમાવવાપણુ કશું નથી. મારું બાહ્ય સ્વરૂપ એ કશુંજ નહિ પરંતુ આપના આંતરચિત્રનો એક સ્થૂલ આવિર્ભાવ માત્ર છે. જેને આપ ગુમાવવાની આશંકા કરો છો તે આપના આત્મા સાથે ઓતપ્રોત છે. આપ મારામાં કયા તત્ત્વને ચાહો છો ? મારી સુકુમારતાને ? તેમ હોય તો તે ગુણ ભાવપણે આપના હૃદયમાં જેમનો તેમ કાયમ છે, અને સ્થૂલપણે એ સુકુમારતા અનુભવવી હોય તો મારા કરતા પુષ્પમાં અધિક સુકુમારતા છે. મારા વિશે આપને જે જે અંશો પ્રિય છે તે સર્વ આ પ્રકૃતિના અનંત વિસ્તૃત મહારાજ્યમાં અનંત પ્રમાણમાં ભરેલા છે. તે સર્વમાં તમારા પુત્રને જોઇ તેમાં આનંદ માનશો. તમારા મોહને મારામાં બાંધી ન રાખતા જ્યાં જ્યાં

આપને મારા જેવું ભાસે ત્યાં ત્યાં સર્વ સ્થળે એ મોહવૃત્તિને ખેલવા દો અને તે દ્વારા હૃદય વિસ્તાર અનુભવો. તેમ છતાં મારા ઉપરથી મોહ ન ઘટતો હોય તો તે તે મોહને મારા સ્થાયી અંશો ઉપર ઠરવા દો. મારું બાહ્ય શરીર એ મારા આંતર ગુણોનું સ્થૂલ સ્વરૂપ છે. તેથી મારા સ્થૂલ શરીર પ્રત્યેની પ્રીતિને, તે સ્થૂલના ઉપાદાન સ્વરૂપ મારા આંતર ગુણો ઉપર વિરમવા આપો ! અભ્યાસથી તેમ બનશે એમાં શક નથી. એ ભાવના સિદ્ધ થશે ત્યારે જ્યાં જ્યાં તેવા ગુણનું દર્શન થશે ત્યાં ત્યાં આપને આનંદનું ભાન થશે.

**માતા :** કોઇ કોઈ વાર ગુરુની આજ્ઞા લઈ તારી માતાને તારા અનુભવામૃતનું પાન કરાવવા આવજે. અને જે મહાપુરુષાર્થ માટે આજે તારું પ્રયાણ છે તેમાં અંત સુધી એક નિષ્ઠાવાન રહી, પ્રત્યેક કસોટીના પ્રસંગે તારા અંતર્ગત પ્રબળ વીર્યને સ્ફુરાવી વિશ્વને તારા ક્ષાત્ર પ્રતાપનો પરિચય આપજે. અને હું એક વીરપુત્રની માતા હતી એવું અભિમાન હું રાખી શકું તેમ કરજે.

## : ૩ :

# રાજમતી અને રથનેમિ

સ્થળ : ગિરનારની એકાન્ત—શાન્ત ગુફા.

**રાજમતી :** પૂજ્યશ્રી ! ખેદ ન કરતાં તમારા હૃદયમાં જે ક્ષણે ક્ષણે ખટક્યા કરે છે તેને દૂર કરવા પ્રયત્ન કરો. જે વાસનાઓને બળાત્કારથી કે લજ્જાથી ઉપશાંત કરવામાં આવે છે તે બળહીન થતી નથી. તે તો આત્માના નિગૂઢ પ્રદેશોમાં ગુપ્તપણે રહીને પોતાના પરાજયનું વૈર લેવાની સામગ્રી એકત્ર કરે છે. અને સમય આવ્યે તે ગુપ્તપણે પોષાયેલી વાસના જ્ઞાનીજનોને પણ શાંતિ લેવા દેતી નથી. તેઓ વસતીમાં હોય તો ત્યાં તેઓના હૃદયને તપાવ્યા કરે છે, અને જંગલમાં જાય તો ત્યાં એ જ્વાળા જંગલને પણ ભસ્મીભૂત કરે છે. વાઘ કે વરુની વસ્તીવાળા બિયાબાંથી એ વાસના ડરીને આત્માનો પીછો કદી છોડતી નથી. અરે ! કદી પ્રભુ નેમિનાથ સ્વયં તમને પોતાના શરણમાં રાખશે તોપણ જ્યાંસુધી એ હૃદયનો ભેદ ભાંગ્યો નથી અને એ અવ્યક્ત વાસનાનું રાજ્ય તમારામાં ગુપ્તપણે પ્રવર્તે છે ત્યાં સુધી તમે શાંતિને કદી અનુભવી શકશો નહીં.

**રથનેમિ :** સતીજી ! તમે મારી હૃદય—ચિકિત્સા બરાબર કરી શક્યા છો. તમારા સૌંદર્યના ઉપભોગની લાલસા હજી મારા મનમાં

પ્રજળ્યાજ કરે છે. પરંતુ 'એક કાળે મારા વડીલ બંધુ નેમિનાથના કહેવાયેલા સૌંદર્યનો ઉપભોગ મારાથી કેમ થાય' એ લજ્જાએ જ મારી વાસનાઓને બળાત્કારથી દબાવી રાખી છે. લજ્જાએ અને લોકનિંદાના ભયે અત્યારે તો પરમ મિત્રનું કર્તવ્ય મારી પ્રત્યે બજાવ્યું છે. પરંતુ તેની સાથે સાથે તેજ મિત્રોએ મને મારા ઉપભોગની સામગ્રીથી વિમુખ રાખ્યો છે એમ મારું હૃદય ઊંડેથી પોકારી રહ્યું છે.

**રાજમતી :** પ્રિયમુનિ ! હું તમારી ગાંઠને તે પ્રભુની કૃપાથી ઉકેલી શકીશ અને તમારા જિગરમાં જે કાંટો ખૂંચ્યા કરે છે તેને પકડીને તમારા હાથમાં આપી શકીશ.

**રથનેમિ :** તો કૃપા સતી !

**રાજમતી :** પણ એક શરત.

**રથનેમિ :** તે ગમે તે હો—ક્ષત્રી પુત્રોને તેવી શરત તો એક વિલાસ માત્ર છે.

**રાજમતી :** તે શરત તમે કલ્પતા હો તેવી સહેલી નથી. દેખવામાં સહેલી છે, પણ ચક્રવર્તી જેવાના પરાક્રમથી પણ તે પૂરી પાડી શકાય તેવી નથી. શરીરબળ કે મનોબળથી તે શરત સચવાય તેવી નથી. પરમ કલ્યાણની સાચી જિજ્ઞાસાજ આત્માને તે ભીષણ પ્રતિજ્ઞાની પૂર્ણાહુતિએ પહોંચાડી શકે છે. પણ હું તમારા સંબંધે તો જોતી આવી છું કે તમે ધારો તો તે શરતને સાંગોપાંગ ઉતારી શકો ખરા !

**રથનેમિ :** ત્વરાથી બોલો, સતીજી ! મારું ધૈર્ય રહેતું નથી. પુન : વાસનાના ઉદયનો અત્યારના જેવો દુષ્ટ પ્રસંગજ ન આવે તે અર્થે ગમે તે પ્રતિજ્ઞા હું સ્વીકારીશ.

**રાજમતી :** ત્યારે મુનિશ્રી, તમારા હૃદયના દ્વારો છેકજ ખુલ્લા

કરી દો, તમારા જીવનમાં એવું કશું ન રાખો કે જે જગતથી તમારે સંતાડવું પડે. જે વિચાર કે કૃતિ જગતથી છાની રાખવાનું મન થાય તેજ પાપની ઉત્પત્તિનું સ્થાન છે. ખાતરમાં દાટેલો અન્નનો કણ જેમ ચોતરફથી પોષણ પામી વધે છે તેમ જે વાસનાઓ હૃદયમાં ગુપ્તપણે રહેલી છે અને દુનિયાથી છાની છે, તે પોષણ પામી વધ્યે જાય છે. જ્યારે આત્મા દિગંબર બની જગતના ચોગાનમાં આવી ઊભો રહે છે, અને કશું ગાંઠે બાંધી રાખી છાનું રાખવાનું મન કરતો નથી, ત્યારે તે પવિત્ર થાય છે. પ્રિયમુનિ! તમારાથી તે બની શકે તેવું હોય તો આજ ક્ષણે તમને ખૂંચતો કાંટો ખેંચી લઉં.

**રથનેમિ:** ભગવતી! મારું જિગર પશ્ચાત્તાપના અગ્નિથી સળગી ઊઠયું છે. તે સિવાય હું કશું જાણતો નથી. આપ પ્રભુના દીક્ષિત છો—મારા માતુશ્રી સમાન છો. મારા અઘટિત અને દુષ્ટ વિચારથી અત્યારે મેં મારા ઉપર પાપનો ભયંકર પ્રવાહ વહેવડાવ્યો છે. આ પાપી હૃદય ખુલ્લું મુકાવીને ત્યાં આપ શું જોવાના હતા? ત્યાં માત્ર નરકનો દુર્ગંધી કીચડજ છે—વિષયની તૃષ્ણા છે દેવી! તમારા જેવા પવિત્રાત્માને મારા દિલનો ઇતિહાસ ગ્લાનિ સિવાય અન્ય કશુંજ આપી શકે તેમ નથી.

**રાજમતી:** એ પશ્ચાત્તાપ પ્રભુના ઘરનો છે. જ્યાં સુધી તે દીપક હૃદયમાં બળે છે, ત્યાં સુધી ઉદ્ધારની આશા છે. જ્યારે દિલ એટલી સખ્તાઇએ આવે છે કે જ્યાં પશ્ચાત્તાપ નથી; પાપાચરણમાં જરાય સંકોચ કે આંચકો નથી; ત્યાં આત્મા પ્રાયઃ ભ્રષ્ટતાની પરાકાષ્ઠા ભણી ત્વરાથી ગતિ કરતો હોય છે. તમે પાપને પાપ માનો છો, અને તેને નિંદ્ય તથા અયોગ્ય માનો છો ત્યારે તમારા આત્માની ઉપરના આવરણ બહુ જાડા હોતા નથી. જે પાપને પાપ માનીને પશ્ચા-

ત્તાપ પૂર્વક તેને સેવે છે તેની જવાબદારી, જે મનુષ્ય પાપને પ્રેમથી અને અને અભિમાનથી સેવે છે, તેની જવાબદારી કરતાં હજાર ગુણી ઓછી છે.

**રથનેમિ :** ત્યારે ભગવતી ! મારા ઉદ્ધારનું કાર્ય હું તમારાજ હાથમાં મૂકું છું. મારા વડીલ બંધુ નેમનાથ ભગવાન તો હવે અરક્ત છે. એટલે મારા કલ્યાણ કાર્યમાં તેમને મારા ઉપર પક્ષપાત નજ હોય. પણ તમે તો મારા ઉપર દિયર તરીકેનો પક્ષપાત રાખી શકો તેમ છો એટલે મારી વાસનાઓ નિર્બીજ કરવાનો ક્રમ દર્શાવો એટલીજ કૃપા હું યાચું છું.

**રાજમતી:** પ્રિય મુનિ! આપણા સાંસારિક સંબંધને હવે પક્ષપાતનું રૂપ આપવું તે ઉચિત નથી, હું તો પ્રભુની નાનામાં નાની શિષ્યા છું. ગુરુ તરીકેનું અભિમાન લેવા હું રાજી નથી. પણ તમારું દર્દ તો હું દૂર કરી શકીશ. હું એમ કહેવા માગું છું, કે જ્યારે આપણા પાપ જગત જાણે છે ત્યારે તેની ધાર બૂઠી થઈ જાય છે—તેની શક્તિ હણાંઇ જાય છે; પછી તે આપણને બહુ હેરાન કરી શકતા નથાં. તમારા હૃદયને એ અવસ્થાએ લાવો કે જ્યાંથી જગત તેને ખુલ્લી રીતે નિહાળી શકે. કશું ગુપ્ત રાખો નહીં. અને ગુપ્ત રાખવું પડે તેવું આચરણ પણ સેવો નહીં. એ પ્રભુના માર્ગનું પહેલું પગથિયું છે. દુનિયાની ખુલ્લી દૃષ્ટિનો પ્રવાહ એ ગંગાનો પ્રવાહ છે. તેને તમારા હૃદય ઉપર વહેવા દો. તે પ્રવાહથી તમારું હૃદય ધોવાશે અને વાસનાના ડાઘા નીકળી જશે.

**રથનેમિ:** ત્યારે મારા હૃદયના તાળા આપની સમક્ષ હું ખુલ્લાં મૂકું છું. સૌન્દર્યલિપ્સાના કાજળના થર ત્યાં લીંપાયેલા છે સતી! યદ્યપિ આપ મારા માતૃનિર્વિશેષ છો, તો પણ આ મારી આત્મા તે રૂપે આપને જોઈ શકતો નથી. લોક

લજ્જાથી અને આપની સદ્દ્વૃત્તિના પ્રવાહ બળથી હું બળાત્કારે જ આપને સૌન્દર્યમૂર્તિ કરતાં અન્ય સ્વરૂપે જોઇ શકું છું. મારા આત્માનો એક અંશ આપના પ્રત્યે પૂજ્ય બુદ્ધિથી ડોકિયા કરી રહ્યો છે; છતાં તેનું સામર્થ્ય કોઇ મહા બળવાન સત્તાથી પરાભૂત થયેલું અનુભવાય છે. તે સત્તા પણ આ આત્માનો જ કોઇ અંશ છે, અને તે અંશ આપના દેહમાં વહેતા લાલ રક્તને જ પૂજનારો છે. તે બે સત્તાઓનો મહા સંગ્રામ અત્યારે આ આત્માના સમરાંગણમાં મચી રહ્યો છે. કદી લોક નિંદાનો ભય તથા આપની સદ્દ્વૃત્તિનો પ્રવાહ મારા ઉપર વહેતો આ ક્ષણે બંધ થાય તો આપના રક્તને પૂજનારો અંશ વિજયવાન થયા વિના રહે નહીં.

**રાજમતી:** ઉદારચિત્ત મુનિ! એજ નિવેદન હું તમારા મુખથી ઇચ્છતી હતી. જ્યારે એ કાજળથી લીંપાયેલા અંતઃકરણના આગાર ખુલ્લા મૂકવામાં આવે છે ત્યારે સુકાઇને તેના પડ ખરી પડે છે. કોઇ નિકટ ભવી આત્માઓ જ છૂપુ રાખવાની વૃત્તિનો પરાભવ કરી શકે છે. જે વાસનાઓ ગુપ્તપણે અને જગતથી અપ્રકટપણે બંધ આગારમાં સેવાય છે તેજ દુશ્મનનું કામ કરે છે. ત્યારે જુઓ! હવે ખુલ્લા દિલથી, તમારું મન કબૂલ રાખે તેમ, મારા પ્રશ્નોનો મને ઉત્તર દેજો.

**રથનેમિ:** બોલો સતી! હું કશું છુપાવીશ નહીં.

**રાજમતી:** તમને આ સૌન્દર્ય ઉપર મોહ છે, કેમ ખરુંને?

**રથનેમિ:** ખરું.

**રાજમતી:** અને તમારું દિલ ત્યાંથી પ્રયત્ન કરવા છતાં ઊખડી શકતું નથી?

**રથનેમિ:** એમ જ.

**રાજમતી:** વારુ, એ સૌન્દર્ય શી વસ્તુ છે?

**રથનેમિ:** તે તો તમે જ કહો. સૌન્દર્યની બુદ્ધિ પુરઃસર વ્યાખ્યા બાંધતા તેમાંથી બધો રસ જ ઊડી જવાનો.

**રાજમતી:** જે રસમાં, બુદ્ધિ અને વિવેકના પ્રકાશમાં ગ્રહવા જતાં ઊડી જવાનો ગુણ છે, અને માત્ર ભ્રાન્તિના અંધકારમાં જ સેવતા જે આનંદ આપનારો છે, અને તેટલા જ કારણે તે અંધકારનો સહચારી અનુ જ છે. તેથી તેને સેવનાર પ્રકાશનો સહચારી ન જ બને, એ તમને સ્વાભાવિક નથી જણાતું ?

**રથનેમિ:** ભગવતી ! ભ્રાન્તિના ચશ્મા પહેરીએ છીએ, ત્યારે જ એ સૌન્દર્યનું સૌન્દર્યપણું છે. બાકી તો વિવેકની દૃષ્ટિએ તે બહાર ગુમ જ થઇ જવાનો. સૌન્દર્યનું પૃથક્કરણ કરતાં એના મોહકપણાનું આકર્ષણ ઊડી જ જવાનું.

**રાજમતી:** ધન્ય છે ! અરધી વાત તો તમે હવે સમજી ગયા. ત્યારે એટલું તો ખરું કે આપણા આત્મામાં બે અંશ છે. એક અંશ એવો છે કે જેની વિકાસ દશામાં આ સૌન્દર્યનું સૌન્દર્યપણું નભી શકે છે. અને બીજો અંશ એવો છે કે જેની ઉદયમાન અવસ્થામાં એ સૌન્દર્યનો ભ્રાન્તિજનક બહાર ઊડી જાય છે. આ બીજા અંશમાં પૃથક્કરણ કરવાનો ગુણ છે, અને તે અંશમાંથી ઝરતા રસમાં એવી શકિત છે કે તે દરેક વસ્તુને તેના મૂળ દ્રવ્યમાં–તેના કારણ સ્વરૂપમાં જ લય પમાડી દે છે.

**રથનેમિ:** ખરુ, મહાસતી !

**રાજમતી:** જે અંશ આગળ સૌન્દર્યનું સૌન્દર્યપણું રજૂ થાય છે તે અંશ કયો, અને જેના આગળ એ બહાર ઊડી જાય છે તે અંશ કયો ?

**રથનેમિ** : તે તમારા જ મુખથી કહો. મારો સાંભળવાનો જ અધિકાર છે.

**રાજમતી** : તો ભલે, હું જ કહીશ. જે અંશને આ રક્તમાં અને હાડ–ચર્મની ઘટનામાં સૌન્દર્ય જેવું જણાય છે, તે આત્માનું વાસનામય અંગ છે, ભ્રાન્તિનું–રાગ–દ્વેષનું ઉત્પત્તિ સ્થાન છે; અને આત્માનો અસદ્ અંશ છે. ગત અનંતકાળના સંસ્કારોથી પોષાયેલી વાસનાઓને વસવાનું તે સ્થળ છે; અને તે આત્માને ઔપાધિક ભાવે મળેલું છે. આત્મા જ્યાં સુધી અંધકારમાં રહેવાની લાલસાવાળો હોય છે, ત્યાં સુધી જ તે અધમ અંશનું બળવાનપણું રહે છે. હવે બીજો તે આત્માનો વિવેકબુદ્ધિનો અંશ છે અને તે ઉચ્ચ અંશ છે, તેનું વલણ સર્વદા આત્માને ઉચ્ચ ગતિ ભણી લઈ જવા તરફ છે. તે અંશ આગળ જે કંઇ રજૂ થાય છે, તે વસ્તુ તે બુદ્ધયંશના તારતમ્યાનુસાર સાચા સ્વરૂપમાં જ રજૂ થાય છે.

**રથનેમિ**: પરંતુ ભગવતી! બુદ્ધિ અને હૃદયના ધર્મો જુદાજ છે, તેનું કેમ ? બુદ્ધિ–વૃત્તિ જેને માત્ર પુદ્‌ગલના સમૂહ રૂપે જોવાને પ્રેરે છે, તેને હૃદય સૌન્દર્યનું સ્થાન માની લે છે. બુદ્ધિના પ્રદેશમાં મને તો શુષ્કતા–કઠોરતા અને રસહીનતા જણાય છે, ત્યારે હૃદય જેને ચાહે છે તેના અનુભવ કાળે આર્દ્રતા, સુકુમારતા અને સુખમયતાનો રસભર્યો પરિચય મળે છે.

**રાજમતી** : હૃદય જ્યાં સુધી વિવેકબુદ્ધિને અનુસરતું નથી ત્યાં સુધી આત્મા વિનાશના ક્રમ ઉપર છે. તે ઉભયની જ્યારે મધુર મૈત્રી બંધાય છે, અને વિવેકબુદ્ધિની કોમળ છાંયા નીચે હૃદય નિયંત્રિત મર્યાદામાં વિહરે છે ત્યારેજ આત્મા ઉપર નરકનો પ્રવાહ રેલાતો બંધ પડે છે. હૃદય જ્યાં જ્યાં સ્વેચ્છાચાર ઘડે વિવેકની ઉપેક્ષા પૂર્વક લલચાતું ફરે છે અને મધુરતા કે સુંદરતાનો

ઉપભોગ કરવા બેસી જતું હોય છે, ત્યાં ત્યાં તે પૂર્વે સેવેલી વાસનાના ઉદયનેજ વેદતું હોય છે. અને તે રસના વેદનકાળે તે વાસનાને પુષ્ટ બનાવતું જાય છે. બુદ્ધિના નિયંત્રણ વિનાનું વાસનામય હૃદય એ સુકાન વિનાના જહાજ જેવું છે. તેની ગતિ હંમેશાં ખડક ખરાબા ભણી જ હોય છે. કદાચિત કોઇ અનુકૂળ પવનના યોગે સમુદ્રના શાંત–ગંભીર ભાગમાં આવે છે તો પણ આખર તો તેનું નિર્માણ બૂરું જ છે. સાંદર્યના ઉપભોગની લાલસાવાળું હૃદય જ્યારે બુદ્ધિના અંકુશ નીચે રહેવાની ના કહે છે, અને તે હૃદયનો સ્વામી પણ જ્યારે તેને અનુકૂળ બની બુદ્ધિના આધિપત્યમાં રસહીનતા તેમજ કઠોરતાનું દર્શન કરે છે, ત્યારે તે સીધી ગતિના મહાનિયમને તોડી નાંખી નિરંકુશપણે જ્યાં ત્યાં રખડતા વહાણના જેવું બને છે.

**રથનેમિ:** પણ તે નિયમને આધીન થતાં મારો જીવનક્રમ મને અસહ્ય જ થવાનો. હું સૌંદર્યની ભાવના વિના જીવી શકું તેમ નથી, સતી! હૃદયનું જીવન એજ મને તો સાચું જીવન ભાસે છે. વાસનાના ઉદયના વેદનકાળે જ આ જીવનની સાચી મજા અનુભવાય છે. બુદ્ધિને અનુસરવા જતાં તો તેની કઠોરતા નીચે હું ચગદાઈ મરીશ, મને તે કશામાં આનંદ અનુભવવાની ના પાડશે. હૃદય જેને સુખનો હેતુ માને છે, તે સિવાય અન્ય સ્થળે શું સુખ હશે?

**રાજમતી:** હૃદયની વાસનાને બુદ્ધિની કઠોરતા નીચે દબાવવાથી સુખનું વેદન કરનાર લેશ પણ દબાતો નથી, દબાયેલો ભાસે છે તેનું કારણ જુદું જ છે. અને તે એ છે કે તેણે સુખની લાગણીનો સંબંધ અમુક સ્થૂલ પદાર્થોમાંજ કલ્પેલો છે. સુખનો સ્વામી તે ઉપભોગની સામગ્રીમાં નથી, પણ બુદ્ધિ અને હૃદય એ ઉભયની પર છે. હૃદયની વાસનાને ન અનુસરવાથી તે પર પ્રદેશમાં રહેલો સુખાસ્વાદ

કરનાર સુખમય ચૈતન્યઘન એક સરખો અલિપ્ત અને નિરાળોજ રહે છે. પણ તેણે જે સામગ્રીના સ્પર્શ કે ઉપભોગમાં સુખ માન્યું હતું તેના વિયોગથી તે સુખનું સ્થાન ગુમાવ્યુંજ સમજે છે. વાસ્તવમાં સુખનો સ્વામી આત્મા પોતેજ છે. હૃદયની કોઈ પ્રિય ભાવનાને અનુસરતી વખતે જે સુખને તે અનુભવે છે, તે સુખનું સ્થાન અને નિદાન પોતેજ છે–તે તે ભાવના કે ભોગસામગ્રી નહીં. માત્ર ભ્રાન્તિ વડે જ તે સુખને અન્યથી પ્રગટતું માને છે, પોતાના ઘરની વસ્તુને પારકાની માની તેનો ખોટો વિયોગ થયો ગણી દુઃખી થાય છે.

**રથનેમિ:** જો એમ છે તો હૃદય જેને સુખનો હેતુ માને છે તે સિવાયના સ્થળે, બુદ્ધિની મર્યાદાને અનુસરવા જતાં સુખાનુભવ કેમ નથી થતો ?

**રાજમતી:** બુદ્ધિ જે રસ્તે થઇને તેના સ્વામીને સાચા સુખના સ્થાનમાં લઇ જાય છે, તે રાહ બહુ સાંકડો અને ગત અનંતકાળમાં સેવેલી વાસનાને પ્રતિકૂળ છે. તે રાહ ઉપર ચાલવામાં ધૈર્યની ખરી કસોટી છે. એ કસોટીમાં વિજયી થવાય તો સુખનું મૂળસ્થાન હસ્તગત છે. બુદ્ધિનું કાર્ય સુખ દેવાનું નથી, તેમજ વિવિધ લાગણીઓને અનુભવવાનું પણ નથી. તેનું કાર્ય તો તેના સ્વામીને પાછે પગલે તેના મૂળસ્થાન ભણી લઇ જવાનું છે. તે સ્થાન આ આત્માએ કદી જોયું નથી–તેમ અનુભવ્યું નથી, એટલે બુદ્ધિ ઉપર તેને વિશ્વાસ રહ્યો નથી અને વિશ્વાસ નથી તેથી અનુસરતો પણ નથી. પરંતુ જ્યાં તેને સુખ–દુઃખના ઉછાળાઓનો અનુભવ થાય છે, તેવા વાસનાના પ્રદેશમાંજ નરકનો કીડો થઇને પડી રહે છે. વિવેકબુદ્ધિને અનુસરવામાં તુરતમાં તો આકર્ષણ જેવું કશું લાગતું નથી, તેથીજ તમે તેને અનુસરવાની ના કહો છો. પણ મુનિશ્રી ! જ્યાં સાચું સુખ–વિશ્રાંતિ અને જીવન છે, ત્યાં જવા માટે કાંટાવાળો થોડો માર્ગ વળોટવો પડે તો તમે તેટલું સાહસ પણ નહીં કરી શકો ? સહેજ સુખનો પણ તેટલા માટે ભોગ નહીં આપી શકો ?

**રથનેમિ:** ભગવતી! હું એકજ નહીં, પણ સોએ નવાણું મનુષ્યો બુદ્ધિના શુષ્ક નિયમને તાબે થવાની વિરુદ્ધ છે. હું અત્યારે તો તમારા ઉપકારના બોજા તળે દબાઈને કદી તેમ વર્તવાની હા કહીશ પણ મારું હૃદય તેમ કરવાની હા પાડતું નથી.

**રાજમતી:** ખરું છે કે, સુખ અને ઉપભોગની લાલસા મનુષ્યને બધી રીતે છેક જ નાલાયક, અસાહસિક, ભીરુ અને નિર્વીર્ય કરી મૂકે છે, અને—

**રથનેમિ:** મારી નાલાયકી મારી આગળ જણાવી મને વધારે દુઃખી નહીં કરો. મને છૂટવુ ગમે છે પણ જે ઉપાય તમે દર્શાવો છો, તે માટે તો હું બધી રીતે અયોગ્ય અને અપાત્ર છું. હૃદયની અત્યારની સુખદાયક ભાવના સચવાય અને સાથે સાથે સાચા જીવનના ક્રમ ઉપર જવાય એવો કોઇ રસ્તો હોય તો દર્શાવો.

**રાજમતી:** વીરા! મોક્ષના માર્ગ બે હોવા સંભવતા નથી. પણ એટલુંજ છે કે તે ભણીની ગતિનો ક્રમ, મનુષ્યની વૃત્તિના હાલના બંધારણને ક્ષોભ કરનાર કે વિપરીત તો ન જ હોવો જોઈએ. વારુ, તમારી સૌંદર્ય અને સુખ–સ્પૃહાને અનુકૂળ આવે તેવી યુક્તિ દર્શાવું તો તમે તેને અનુસરશો?

**રથનેમિ:** સતીજી! સુખ કોને પ્રિય નથી? અને તે પણ પોતાની પ્રિય ભાવનાઓને ધક્કો પહોંચ્યા વિના મળતું હોય તો કોઈને અપ્રિય ન જ હોઈ શકે. યદ્યપિ આપ મારા વડીલ છો અને આ કાળે મને નરકમાંથી છોડાવો છો તોપણ કહેવા દો કે પ્રત્યેક મનુષ્યનો ઉત્ક્રાન્તિનો માર્ગ આ કાળે તે જે સ્થિતિમાં છે, ત્યાંથીજ શરૂ થવો જોઇએ અને તેની પ્રિય ભાવનાઓને જેમ ઓછો આંચકો લાગે તે રીતે કામ લેવાય તો તેમાં તેનું અધિક શ્રેય છે.

**રાજમતી:** તો ભલે એમ. વારુ! સૌંદર્યને ચાખ્યા વિના તમોને નહીં જ ચાલે?

**રથનેમિ:** એમજ.

**રાજમતી:** તમે સૌંદર્યને કોની ખાતર ચાહો છો ?

**રથનેમિ:** તે પ્રશ્ન મારાથી સમજાતો નથી. જરા અધિક સ્પષ્ટતાથી કહો.

**રાજમતી:** હું એમ કહું છું કે તમે સૌંદર્યને સૌંદર્યની ખાતર ચાહો છો, કે કોઈ અન્યની ખાતર ચાહો છો ?

**રથનેમિ:** તે લાંબું-ટૂંકું હું કશું સમજતો નથી. હું તો સૌંદર્યનો પૂજારી: જ્યાં તે હોય ત્યાં મારું સર્વસ્વ સમર્પી દઉં.

**રાજમતી:** બસ. હું એજ કહેવરાવવા માંગતી હતી. હવે તમે તમારા શબ્દોને દૃઢતાથી વળગી રહેજો. 'સર્વસ્વ સમર્પી દઉં' એ શબ્દોમાં રહેલા ઊંડા અર્થને સફળ કરો, તો તમારો ઉદ્ધાર સહજ છે.

**રથનેમિ:** ત્યાં કયો ગુપ્ત મર્મ છુપાયો છે, સતી ! હું તે મર્મને ગમે તે ભોગે અનુસરીશ.

**રાજમતી:** ચાહવું અને ઉપભોગમાં લીન થવું, તે હૃદયના ધર્મને જો સ્વાર્થની ખાતર અનુસરાય તો જ તે બંધનું કારણ છે. હાલ તમે ભલે સૌંદર્યને ચાહો. પણ તેને તેના સૌંદર્યની ખાતરજ ચાહો-સ્વાર્થની ખાતર નહીં. તમારા સૌંદર્ય-સ્થાન સાથે તમારી સ્વાર્થ ભાવનાને જોડો નહીં. જે વ્યક્તિ વિશેષમાં તમે સૌંદર્યનું ભાન કરો છો, તે વ્યક્તિમાં રહેલા સૌંદર્યને જ ચાહો, પણ તે વ્યક્તિ-વિશેષને નહીં. તે વ્યક્તિ ગમે તેના ઉપભોગની સામગ્રી બની ને રહે, તોપણ તેને જિગરથી ચાહો. તે તમારા ઉપભોગની વસ્તુ બનીને રહે, તો જ તેને ચાહવું અને અર્પવું એવા સંકુચિત ભાવથી ન વર્તો. અને કદી તેમ થાય તો તમે સૌંદર્યને ચાહતા નથી, પણ તમારા સ્વાર્થને-ઉપભોગની લાલસાને જ ચાહો છો, એમ કહેવાશે. તે સૌંદર્ય સ્થાનમાં વસેલા ભાવનામય તત્ત્વને ચાહો, પણ પેલા હાડકા અને ચામડાની કોથળીને નહીં. હાડકા અને ચર્મ એ સૌંદર્ય નથી. સૌંદર્ય એ અદૃશ્ય ભાવનામય વસ્તુ છે. ચાહ્યા વિના ન જ ચાલે તો તે ભાવનામય વસ્તુને ચાહો, અને તે પણ સ્વાર્થ

રહિતપણેજ. મનુષ્ય જ્યારે સ્વાર્થની ખાતર સૌંદર્યને ચાહે છે, ત્યારે તે નરક ભણી ખેંચાય છે. 'એ સૌંદર્ય–સ્થાનનો માલિક હું છું,' 'હું તેનો ભોક્તા છું.' એવા અહંકાર પૂર્વક જ્યારે સૌંદર્યનો ઉપભોગ થાય છે, ત્યારે તે સ્વાર્થજન્ય ગણાવા યોગ્ય છે. એવા સ્વાર્થની ખાતર સૌંદર્યને ચાહનાર, જ્યારે તેમની સૌંદર્યની મૂર્તિ અન્યની ભોજ્ય બને છે, અથવા પોતાની ભોજ્ય બનતી અટકે છે, ત્યારે તે અંધ બની જાય છે. તેમના હૃદયનો પ્રવાહ બંધ પડી જાય છે–સુકાઈ જાય છે. કેમકે સૌંદર્યના માલિકપણાનું અભિમાન જતાની સાથે જ તેઓ શાંતિ ગુમાવી બેસે છે. પરંતુ જેઓ સૌંદર્યને સાંદર્યની ખાતર ચાહે છે, તેઓ તેને સર્વ અભિમાનના અર્પણ સાથે ચાહી શકે છે. તેઓ તેમના સ્નેહ–સ્થાનની ઈચ્છાને અનુસરે છે. કદી તે અન્યનું થવા ઇચ્છે તોપણ તે ઇચ્છાને તેઓ માન આપે છે. સ્વાર્થની આહુતિ આપીને ચાહનારાઓ તેમના સ્નેહ અને સૌંદર્યના સ્થાન ઉપર બળાત્કાર કરતા નથી–કરી શકતાં નથી.

**રથનેમિ :** તો ભલે, ભગવતી ! હું મારી હાલની સૌંદર્ય–સ્પૃહાને તેવા રૂપમાં બદલી શકીશ. પછી, આગળનો શું ક્રમ છે ?

**રાજમતી :** પછી હૃદય એક ભાવનામય તત્ત્વનું અનુસારી બનીને રહેશે અને સૌંદર્ય–સ્નેહમાંથી સ્વાર્થનો ઝેરી કાંટો નીકળી જતાં આગળનો માર્ગ પોતાની મેળે સ્પષ્ટ થશે. એ હદે જ્યારે હૃદય આવે છે, ત્યારે તે 'જનક' બની શકે છે. અને......પણ મુનિવર ! વાતને હવે ક્યાં સુધી લંબાવું ? ભગવાન શ્રી નેમનાથની ચરણ-ધૂલીથી આ પર્વત અત્યારે પવિત્ર બન્યો છે. તે પ્રભુ અત્યારે અહીંથી થોડેજ દૂર વિરાજે. હું ત્યાંજ દર્શન કરવા જતી હતી. રસ્તામાં વરસાદના ઝાપટાથી પલળી તેથી આ એકાંત ગુફામાં ભીનાં વસ્ત્રો સુકવવા લાગી–ત્યાંજ આ ઘટના બની અને વાત કરતાં આટલો વિલંબ થયો. હવે ઇચ્છા હોય તો ચાલો, પ્રભુના દર્શનથી આપણા આત્માને અજવાળીયે.

: ૪ :

# સંભૂતિ વિજય અને સ્થૂલિ ભદ્ર

## વેશ્યાગૃહે ચાતુર્માસ રહેવા માટે જૈન મુનિએ મેળવેલી મંજૂરી

**સંભૂતિવિજય**: ભદ્ર! આ વર્ષાઋતુમાં ચાતુર્માસ ગાળવા માટે તમે છેવટે કયું સ્થળ નક્કી કર્યું ? બીજા બધા મુનિઓએ પોત-પોતાનાં સ્થળ નિર્ણીત કર્યાં છે, અને તે મારી સમ્મતિની કસોટીએ ચડીને સુનિશ્ચિત પણ થઈ ચૂકયાં છે. કાલનાં પ્રભાતે આપણે બધાએ છૂટા પડવાનું છે, કેમકે વર્ષાના પૂર્વચિહ્નો હવે આકાશપટ ઉપર તરવા લાગ્યાં છે. નિર્ણય માટે હવે અધિક કાળક્ષેપનો અવકાશ નથી.

**સ્થૂલિભદ્ર**: કૃપાનાથ! હું પણ દીર્ઘકાળથી એ જ ચિંતનમાં છું પરંતુ મારા હૃદયનું જે દિશામાં ખેંચાણ છે, ત્યાં વસવામાં એક મોટી ખટક નડયા કરે છે. તે ખટકને હૃદયમાંથી ખેંચી કાઢવા મથતાં તે હાથમાંથી લપસી જાય છે. કોઈ નિશ્ચય ઉપર આવી શકાતું નથી.

**સંભૂતિ**: તાત! તારા વિશુદ્ધ હૃદયમાં એક પણ આત્મ-

પ્રતિબંધક ભાવ હોય એવી શંકા રાખીશ નહીં. તારું આત્મનિદાન હું બહુ સંભાળપૂર્વક કરતો આવ્યો છું. તારા જિગરમાં હવે કાંટાવાળા વૃક્ષ ઊગતાં ઘણા સમયથી બંધ પડયાં છે, ત્યાં કલ્પવૃક્ષોનું રમણીય ઉપવન જ વિરાજે છે. છતાં હૃદયમાં કોઈ ખટક અનુભવાતી હોય તો તેમાં કોઇ મહાભાગ્ય આત્માના અપૂર્વ હિતનો સંકેત જ સંભવે છે. સ્વાર્પણમય હૃદયની ખટક એ ખટક નથી, પણ કોઇ ભવ્ય જીવના અપૂર્વ અદષ્ટ વિશેષના પ્રકંપનો પ્રતિધ્વનિ છે. તાત! તને શું ખૂંચે છે?

**સ્થૂલિ :** પ્રભો! આપ ધારો છો તેટલો હું સ્વાર્થહીન નથી. અને મને જે કાંઈ ખૂંચે છે તે પણ એ સ્વાર્થનો જ કાંટો! જ્યાં દિલનું ખેંચાણ થાય ત્યાં શું સ્વાર્થની દુર્ગંધ ન સંભવે?

**સંભૂતિ :** ભદ્ર! સ્વાર્થ અને પરાર્થની પ્રાકૃત વ્યાખ્યા તારા આત્માની આ ભૂમિકાએ હવે બદલાઈ જવા યોગ્ય છે. એ જૂની ચીજો હવે ફેંકી દે. ચિત્તના જે અંશમાંથી પરાર્થ જન્મે છે, તે જ અંશમાંથી સ્વાર્થ પણ જન્મે છે; ઉભય એક જ ઘરનાં છે.

**સ્થૂલિ :** કોઈ દિવસ નહીં સાંભળેલી વાણી આજે આપના મુખમાંથી આવે છે. આજે હંમેશ કરતાં કાંઇ વિપરીત જ કહેતા હો એમ મને ભાસે છે. શું સ્વાર્થ અને પરાર્થ ચિત્તના એક જ અંશમાંથી જન્મે છે? એ તો નવુંજ સાંભળ્યું!

**સંભૂતિ :** અધિકારના ફેર સાથે વસ્તુની વ્યાખ્યા પણ ફરતી ચાલે છે. આત્માના જે અધિકારમાં સ્વાર્થ અને પરાર્થને પરસ્પરમાં વૈરી તરીકે ઓળખાવવા જોઇએ, તે અધિકાર તું ઘણા કાળથી ઓળંગી ગયો છે. હવે ઉભય તારે માટે અર્થહીન છે. એ દ્વંદ્વ હવે તને સ્પર્શી શકે તેમ નથી.

**સ્થૂલિ :** એ દ્વંદ્વ ક્યાં સુધી સંભવે?

**સંભૂતિ :** જ્યાં સુધી આત્મા યાચે છે ત્યાં સુધી. તે યાચતો બંધ થાય અને સર્વને આપતોજ રહે; પોતાને માટે કશુંજ નહીં, જેને જે જોઇએ તે તેની પાસેથી લે અને આપવાના અભિમાન રહિત તે અર્પતો ચાલે, ત્યારે સ્વાર્થ અને પરાર્થની બાળકો માટે બાંધેલી મર્યાદાઓ તૂટી પડે છે, અને સ્વાર્પણમયતાના અનંત અવકાશમાં આત્મા વિહરે છે. ભદ્ર ! તું પણ એજ પ્રદેશનો વિહારી છો.

**સ્થૂલિ :** દિલનું ખેંચાણ સ્વાર્થ વિના કેવી રીતે સંભવે, એજ મને ખૂંચ્યા કરે છે. તે આકર્ષણને હું ઠેલી શકતો નથી. તેમ ત્યાં જવામાં કલ્યાણનું પણ એકે નિમિત્ત જોવામાં આવતું નથી. જૂના દુશ્મનો મને પોકારતા જણાય છે.

**સંભૂતિ:** તાત ! તારી સર્વ વાત હું સમજી ગયો પણ તારું દિલ ત્યાં યાચવા જતું નથી, માત્ર અર્પવાજ જાય છે; એમ તને શું નથી લાગતું ?

**સ્થૂલિ :** જ્યારે હું તાજા લોહીનો શિકારી હતો, બાળાઓના યૌવનરસનો તરસ્યો હતો, અને વિષયને પ્રેમામૃત માની માનીને પીતો હતો, તે વખતે મારા ઉપર સ્થૂલ પરંતુ અચળપણે આસક્તિ રાખનારી કોશાના ગૃહમાં આ ચાતુર્માસ વિતાવવા મારું દિલ આકર્ષાય છે. એ જૂના કાળની સૌંદર્યલિપ્સા તો હવે ક્ષય પામી છે, પરંતુ એક કાળે મને ઇન્દ્રિયજન્ય આનંદ આપનાર અને વિષય-સુખની પરિસીમા અનુભવાવનાર તે અજ્ઞાન બાળાને તેના પ્રેમનો બદલો આપવા હું ઉત્સુક છું. હું ત્યાં યાચવા નથી જતો, પરંતુ અર્પવાજ જાઉં છું તે સત્ય છે, તથાપિ તે અર્પણ, પૂર્વની સ્થૂલ પ્રીતિના ઉત્તર રૂપ હોવાથી, ત્યાં પણ સ્વાર્થની બદબો મને જણાય છે. જગત કોશા જેવી સ્ત્રીઓથી ભરેલું છે; તે સર્વના ઉપર અનુગ્રહ કરવા માટે આ દિલ આકર્ષાતું નથી અને માત્ર કોશા ઉપરજ ખેંચાય છે તે શું મારી સ્વાર્પણમયતાની અલ્પ મર્યાદાને નથી સૂચવતું ?

**સંભૂતિ :** ભદ્ર ! વીર્યવાન આત્માઓ જે સ્થાનમાં એક વખત

પરાજય પામે છે–વિષયના કીચડમાં ગરકી જાય છે, તેજ સ્થાનમાં વિજય મેળવવાની આકાંક્ષાવાળા હોય છે. અને જ્યાં સુધી યાચવાની દરેક અભિલાષાનો પરાભવ કરવા જેટલું પરાક્રમ મેળવી યાચવાનાં ભારેમાં ભારે ખેંચાણનાં સ્થળ ઉપર પણ અર્પવા તત્પર ન થાય ત્યાં સુધી તે આત્મા નિર્બળ અને સત્ત્વહીન ગણાવા યોગ્ય છે. કોશાને ત્યાં ચાતુર્માસ કરવાના તારા દિલના ખેંચાણને 'સ્વાર્થ' ની સંજ્ઞા ઘટતી નથી. યાચવાના ઉત્કૃષ્ટ ખેંચાણવાળા સ્થળ ઉપર અર્પવાની કસોટીએ ચડવાને તત્પર થયેલા તારા આત્માનો એ તનમનાટ છે. તારા જેવાએ હવે કશો ડર રાખવો યોગ્ય નથી. યાચવાની તારી પાત્રતા એ હવે જૂનો ઇતિહાસ થઈ ગયો છે.

**સ્થૂલિ :** પણ મુનિને વેશ્યાના ગૃહમાં ચાતુર્માસ ઘટે ?

**સંભૂતિ :** જે મુનિ યાચવાને પાત્ર છે, તેણે તેવા ખેંચાણથી દૂર વસવાની જરૂર છે, અને તેટલાજ માટે તારા સહયોગી મુનિઓને જે સ્થાનમાં તેવા ખેંચાણનો લેશ પણ સંભવ ન હોય ત્યાં મોકલ્યા છે. પરંતુ જેને આપવાનુંજ છે, લેવાનું કાંઇ જ નથી, પોતાને માટે કશુંજ રાખવું નથી, તેણે તો યાચવાના ખેંચાણવાળા પ્રદેશમાં વિજય મેળવી જગત ઉપર અયાચકતાનું દૃષ્ટાંત બેસાડવાની જરૂર છે. તાત! તારા જેવાએ તો તારી પાસે જે કાંઈ છે, તેને વસ્તીમાં છૂટે હાથે વેરતા ચાલવાની જરૂર છે. જગતને તારા જેવાની પાસેથી બહુ શીખવાનું અને લેવાનું છે. જ્યારે આત્મા લેતો બંધ થાય છે અને કશું ઇચ્છતો નથી, ત્યારે તેના આત્મભંડારો અમૂલ્ય રત્નોથી ઊભરાવા લાગે છે; અને તે રત્નો જગત છૂટે હાથે લૂંટે–જેને જે જોઈએ તે ગમે તેટલું લે–તે માટે તેણે જગતના ખેંચાણના મધ્યબિન્દુમાં–શિખર ઉપર ઊભા રહેવાની અગત્ય છે. યાચવાને નિતાંત અપાત્ર થયેલા બલિષ્ટ આત્માઓ બહુજ અલ્પ હોય છે, તેથી શાસ્ત્રકારોએ યાચવાના ખેંચાણવાળાં સ્થાનોથી દૂર રહીને ગુફાઓમાં કલ્યાણ સાધવાની અગત્ય બતાવી છે, તે વિધાનો તારા જેવા વીર્યવાન પુરુષો માટે નથી.

**સ્થૂલિ:** પ્રભો! પણ મને લાગે છે કે માત્ર દૃષ્ટાંત બેસાડવા માટેજ મુનિના આચારની શિષ્ટ પ્રણાલિકાનો લોપ કરવો વાજબી નથી.

**સંભૂતિ:** તાત! પૂર્વનો ઇતિહાસ સ્મૃતિમાં લાવ. કુદરત કોઈ પણ આકસ્મિક આંચકાને સહન કરી શકતીજ નથી. શૃંગારમાંથી વૈરાગ્યમાં અને વૈરાગ્યમાંથી શૃંગારમાં ગતિનો ક્રમ એકાએક કદી હોતો નથી. એક સ્થિતિમાંથી અન્ય સ્થિતિમાં ગતિ કરવાનો નિયમ ક્રમપૂર્વક હોય છે, કશું એકાએક અને આંચકાથી બનતું નથી. કદિ બને તો તે ક્ષણિક અને અસ્થાયી હોય છે. તજેલા વિષયની શક્તિ અનુકૂળ નિમિત્તના પ્રસંગે સહસ્રગુણા અધિક બળથી સતાવે છે અને છેવટે આત્માને મૂળ સ્થિતિમાં ઘસડી જાય છે. કોઈ પણ વિષય પ્રત્યેની અનાસક્તિ તેની અતિતૃપ્તિમાંથી ઉદ્ભવતી નથી; તૃપ્તિ માત્ર તે તે વિષયને પોષણજ આપે છે. ભદ્ર! તું શૃંગારમાં ઊછરેલો છે. શૃંગારનો તું એક કાળે કીડો હતો, અને એકજ ક્ષણમાં તું શૃંગાર-માંથી વિરાગમાં પ્રવેશ્યો હતો. આ આંચકો કુદરત કેમ સાંખી શકે? કુદરતની સરણી ઉપર ધીમા ચાલવાથીજ બચાય છે, ઉતાવળા ચાલતાં લપસી જવાય છે, અને કૂદકો મારતાં પગ ભાંગી જાય છે. તેં પગ ભાંગી બેસવા જેવુંજ સાહસ કર્યું હતું, પણ તારો પુરુષાર્થ અને પૂર્વકર્મ અપવાદરૂપ હતાં, એટલે તું બચી ગયો છે. તારા સ્થાને બીજો સામાન્ય મનુષ્ય હોત તો, તે પૂર્વના વિષયના વમળમાં પાછો ક્યારનોય તણાયો હોત, પરંતુ તું ગમે તેટલો પુરુષાર્થી અને સવીર્ય છે તોપણ કુદરત છેવટે નાનામાં નાનો પણ બદલો લીધા વિના તને છોડશે નહીં. જ્યાં સુધી તું કોશાનાં દર્શન નહીં કરે, તારા પૂર્વના વિલાસ સ્થળો ઉપર દૃષ્ટિ નહીં ફેરવે, ત્યાં સુધી તારો આત્મા જંપશે નહીં; કેમકે હજી એ સંસ્કારોને તું છેકજ ભૂંસીને નથી આવ્યો. વિરાગ ઉત્પન્ન થયા પછી ત્યાં અલ્પકાળ રહીને—પ્રબળ નિમિત્તોની કસોટીએ ચડીને અને તે પૂર્વ સંસ્કારોને ભૂંસીને જો આવ્યો હોત તો, આ ખેંચાણ ન હોત. પરંતુ તું છેકજ ભાગી

છૂટયો હતો. તારો અત્યારનો આત્મપ્રભાવ તો તેં આ આશ્રમમાં આવીને પ્રાપ્ત કર્યો છે એટલે કોશા તરફનું ખેંચાણ નિવૃત્ત થવું અશકય છે, પરંતુ પૂર્વના સ્નેહસ્થાનોના ખેંચાણમાં પણ સ્વાર્પણ-મયતાપૂર્વક યોજાવું તે યોગ કોઈકજ મહાભાગ આત્માઓને બની આવે છે. મુનિના શિષ્ટાચારનો ધ્વંસ થવાનો ભય તું રાખીશ નહીં અને સત્વર ત્યાં ભણી વિહારનો પ્રબંધ કર.

**સ્થૂલિ :** પણ અધિક પુરુષાર્થને સ્ફુરાવી મુનિના શિષ્ટાચારને વળગી રહેવા પ્રયત્ન કરું તેમાં શું અયોગ્ય ?

**સંભૂતિ :** ભદ્ર ! મારો કથિતાશય હજી તું સમજ્યો નહિ. શિષ્ટાચારને વળગી રહેવાની અગત્ય જ્યાં સુધી આત્મા અર્પવાને તૈયાર નથી ત્યાં સુધી જ છે. જેઓ અર્પવા જતાં ઊલટા લૂંટવા તૈયાર થઇ જવાને પાત્ર છે, જેઓ ગંગામાં પાપ ધોવા જતાં ત્યાં માછલાં મારવા બેસી જાય છે, તેમને માટેજ તે આચારપદ્ધતિનું વિધાન છે. જેઓ તે સ્થિતિને ઓળંગી ગયા છે તેમણે તો જગતનાં જોખમવાળાં સ્થાન ઉપર આવી પોતાના બંધુઓને સ્વાર્પણમયતાનું દર્શન કરાવવાનું છે. અન્ય મુનિઓને તેવાં સ્થાને જવાની મનાઈ કરવામાં આવી છે તેમાં એજ હેતુ છે કે, તેઓએ યાચવાની પાત્રતાને છુપાવી રાખી હોય છે અને અનુકૂળ પ્રસંગે ભિખારી બની જઇ હાથ લંબાવતા હોય છે. વખતે લૂંટવાનું પણ ચૂકતા નથી. યાચવાને પાત્ર હોવાથી જંગલ અને વાઘ–વરુવાળા પ્રદેશોમાં રખડતા ઉગ્રવિહારીઓ કરતાં, જેઓ યાચવાના આકર્ષણવાળા સ્થાનમાં યાચતા નથી અને ઊલટા આપે છે તેવા પુરુષો અનંતગુણા ચડિયાતા છે. જનક અને કૃષ્ણ કોઈ વિરલાજ હોય છે, ત્યારે ઉપર જણાવ્યા તેવા વિહારીઓનાં સંખ્યાબંધ ટોળાંઓ મળી આવે તેમ છે. કદાપિ તેવા મુનિઓ પોતાનું કલ્યાણ સાધી શકે છે, પરંતુ તેમના અજ્ઞાન બંધુઓને તેઓનું ચારિત્ર ઓછોજ લાભ આપી શકે તેમ છે. જગત તેમના ચારિત્રને જોવા માટે જંગલમાં જતું નથી.

અને કદાપિ તેઓ જગતમાં આવે તો જગતના જેવા બની જવાનો તેમને ભય રહે છે. એટલે જગત ઉપરનો તેમનો ઉપકાર માત્ર પરોક્ષ અને અલ્પ છે. પરંતુ જેઓ જગતની મધ્યમાં ઊભા રહી, જગતના જેવા ન બનતાં–તેમની પાસેથી કશું ન યાચતાં, પોતાની પાસે હોય તે ઉત્તમમાં ઉત્તમ સામગ્રી અર્પી દે છે, તેજ જગતનું વાસ્તવિક કલ્યાણ સાધી શકે છે. જેણે સ્વાર્પણમયતાના મહાન યજ્ઞમાં પોતાની વાસનાઓ હોમી દીધી છે, જગત તેમને જે કાંઇ આપી શકે તેમ છે તેને જોઇ જેઓ માત્ર હસેજ છે તેઓજ જગતના ખેંચાણના મધ્યબિન્દુમાં વસવા યોગ્ય છે. સંસારના વમળનું ચોપાસથી ખેંચતું દબાણ જેમની સ્થિતિસ્થાપકતાને ધક્કો મારી શકે તેમ નથી; કાજળની કોટડીમાં રહેવા છતાં જેમની શ્વેતતાને ડાઘ લાગી શકે તેમ નથી; તેઓજ જગતના આવકારને પાત્ર થાય છે. તાત! તારું અસાધારણ હૃદયબળ તેં ઉઠાવેલા કાર્યને સમાપ્તિએ પહોંચાડે તેવું છે. નિઃશંક થા અને પૂર્વના સ્નેહીઓને ત્વરાથી ભેટ!

**સ્થૂલિ :** પ્રભો! કાંઇ નવીન જ પ્રકાશ મારા આત્મામાં આજે રેડાય છે. આપનાં વચનામૃતની હજી તૃપ્તિ થતી નથી. હજી વધારે કૃપા વરસાવો.

**સંભૂતિ :** સિંહની ગુફામાં જઇ ત્યાં તેનો પરાજય કરવો એ કોઈ અપવાદરૂપ આત્માઓથી બની શકે છે; અને તાત? તારું નિર્માણ પણ તે અપવાદને સાફલ્ય અર્પવા અર્થે જ છે. જગતને તેવા અપવાદની બહુ જ અપેક્ષા છે. જે વખતે વીર પ્રભુ સુદ્ધાંના નામ જગતના મોંએ ગવાતાં બંધ પડશે તે વખતે પણ તારું અપવાદ રૂપ ચારિત્ર લોકો હર્ષથી ગાશે. ભદ્ર! આથી અધિક પ્રકાશ હું તને આપી શકું તેમ નથી; અધિક પ્રકાશ તો કોશાના ગૃહમાંજ તને મળે તેમ છે. ત્યાંથી પ્રકાશ લાવીને ગુરુના આશ્રમને અજવાળજે! જંગલ અને ગુફાઓમાં સેતાન ઉપર વિજય મેળવવાથી

જે ફળ મળે છે, તેના કરતાં સેતાનના મકાનમાં જઈ ત્યાંજ તેના ઉપર વિજય મેળવવાથી ભારે કીમતી લૂંટ મળી આવે છે. ત્યાં સેતાન પોતાના ગુપ્ત ભંડારો વિજેતાની સમક્ષ ખુલ્લા મૂકી દે છે. વિજેતા ધારે તેટલું લઈ શકે છે, અને તે જગતને આપી પણ શકે છે. તાત! એ કીમતી લૂંટથી આ આશ્રમના ભંડારો ઊભરાવ!

**સ્થૂલિ :** પણ પ્રભો! હું પરાભવ પામું તો સહાય કરવા તત્પર રહેજો.

**સંભૂતિ :** તાત! હું તારી પડખેજ ઊભો છું; પરાજયનો ભય રાખીશ નહીં. ભય એજ અર્ધો પરાજય છે. જ્યાં સુધી યાચકતા છે, ત્યાં સુધીજ તે ભય છે.

**સ્થૂલિ:** ત્યારે નાથ! હું રજા લઉં છું, પણ પડું તો ઝીલવાને તૈયાર રહેજો.

: ૫ :

# સ્થૂલિભદ્ર અને કોશા

## ગણિકાના આવાસમાં મહાત્માનો નિવાસ !

સ્થળ : કોશાની ચિત્રશાળા

**સ્થૂલિભદ્ર :** કોશા ! આજના પ્રભાતથી તમારા અંગનો પ્રકંપ મને શંકાશીલ અવસ્થાવાળો જણાય છે. તમારું મુખ ફિક્કું, ચિન્તા-ગ્રસ્ત અને સવિકાર ભાસે છે. મને આહાર આપતી વખતે પણ તમારા શરીરનો યોગ પરવશ અને મનોબળ વહી ગયેલું જણાતું હતું; તમારા પગનો અંગૂઠો ચપળ હતો; ચક્ષુ ઢળેલા અને પુનઃ પુનઃ મારા ભણી ગુપ્ત દૃષ્ટિ ફેંકતા હતાં; યોગબળની ક્ષતિ થવાથી એક પણ ક્રિયા આજે તમારાથી ઉપયોગપૂર્વક થતી નથી. કોશા ! આજે તમારો યોગ પ્રકૃતિના કયા પ્રદેશમાં લુબ્ધ બન્યો છે ? કઈ કર્મપ્રકૃતિના ઉદયપ્રવાહમાં આજે આમ નિર્બળપણે વહો છો ?

**કોશા :** પ્રભો ! ગત અનંતકાલના સંસ્કારબળથી આજે મારો યોગ અત્યંત અવનત પરિણામને આધીન છે. આજે હું અનેક કર્મપ્રકૃતિના સંયુક્ત પરાક્રમથી પરાજિત બની વિકાર–ઉદયના પ્રચંડ અવિરત પૂરમાં તણાઉં છું. બહુ બહુ પ્રયત્ન કરવા છતાં પણ, ઉદયના પ્રવાહ સામે તરવાને આવશ્યક શક્તિ આવિર્ભૂત થઈ શકતી નથી. ઘણા કાળથી પરાભવ અવસ્થાને ભોગવતી કર્મપ્રકૃતિઓ જાણે વૈર લેવાનાં હેતુથી એકત્ર બનીને આવી હોય તેમ મને નાના પ્રકારે કષ્ટ આપી પોતાનો વિજય મારે મોઢે કબૂલ કરાવતી હોય તેમ જણાય છે. મારા પરિણામ આજે અત્યંત અસ્તવ્યસ્ત દશામાં છે. આપનો ઉપદેશ પ્રભાવ મારા મન ઉપરથી ઊઠી ગયો હોય તેમ લાગે છે અને પૂર્વના સંસ્કારો, તે કાળના રમણવિલાસમાં મને સુખનું ભાન કરાવી આ કાળે પણ તેવા પ્રકારનું સુખ ઉપજાવી કાઢવાની ઇચ્છાને પ્રજ્વલિત કરે છે. નિમિત્તબળના પ્રભાવે ઉપાદાન વસ્તુના બળ ઉપર વિજય મેળવ્યો છે.

**સ્થૂલિભદ્ર :** આત્મવિકાસના ક્રમમાં જે અનેક કસોટીઓમાં થઈ પસાર થવાનું છે તે કસોટીઓમાંની કોશા ! તમારી સાંપ્રત સ્થિતિ એ પણ એક વિષમ અને અત્યંત શૂરવીર આત્માથી નિવારી શકાય તેવી દુર્ઘટ કસોટી છે. અનેક નિર્બળ આત્માઓ આ પહેલા ધોરણની પરીક્ષામાંથી જ તેનું વિકટપણું જોઈ હારી ગયા છે. અને આપ્ત-પ્રકાશિત માર્ગને દુર્ઘટ માની તે ક્રમને નિસર્ગના નિયમથી વિરુદ્ધ કિંવા અસ્વાભાવિક ગણે છે. અધઃપ્રકૃતિ અને ઉચ્ચ પ્રકૃતિના યુદ્ધ-કાલનો આ તમારો સમય તમારે અત્યંત સાવધાનીથી પસાર કરવાનો છે. કારણ કે અનેક વીર પુરુષોની ઉચ્ચ પ્રકૃતિ પણ સત્સમાગમનો યોગ હોવા છતાંયે આ યુદ્ધમાં **અસાવધાની** અને **અનુપયોગથી** પરાજયને પામી છે. કોશા ! ભ્રાન્તિનો ઉપશમ થયા પછી કાંઈક કાળે જે તેનો પ્રથમોદય થાય છે, તે અત્યન્ત બલવાન હોય છે; તેની નિર્વૃતિ કરવા જો આત્મા અસમર્થ નીવડે તો પુનઃ તે પ્રકૃતિના હલ્લે ચડે છે. અને પુનઃ નિર્ભ્રાન્ત સ્થિતિમાં આવતાં અનંતકાળ વીતી જાય છે. ઉદય સ્વરૂપને પામેલા પરિણામમાં રંજનપણું ન રાખતાં તેને ધૈર્યપૂર્વક વિતાવવા ભણી જ લક્ષ રાખશો તો અલ્પ કાળમાં તે ઉદય નિર્વૃત થઈ જશે. ઉદયને પામેલા પરિણામને ભાવ-સ્વરૂપપણે ન પરિણમાવતાં ઉદયાવસ્થામાં જ સાક્ષીભાવે વેદી લેવા તે ઉદિત પ્રકૃતિપર વિજય મેળવવાનું ગુપ્ત રહસ્ય છે. ઉદય ભાવને પામેલી પ્રકૃતિમાં રંજન ભાવનું સેવન તે મૃત એવા વિકાર દેહમાં અમૃત સીંચી તેને સજીવન કરવા તુલ્ય છે. કોશા ! હું તમને જે વસ્તુરહસ્ય ઘણા કાલથી સમજાવવા પ્રયત્ન કરતો હતો, છતાં જે તમારી બુદ્ધિમાં પ્રવેશી શકતું નહોતું તે રહસ્ય આ કાળે તમને શાન્તિથી વિચારતાં મૂર્ત્તિમાન થવા યોગ્ય છે. આ સ્થળ, આ કાળ, આ યોગ, અને આ સવિકાર સ્થિતિનો અનુભવ તમને એક અદ્ભુત મર્મજ્ઞાન આપવા માટે જ આવ્યો છે, એમ જાણી તે પ્રસંગમાંથી શ્રેયભૂત વસ્તુને ગ્રહી લેશો તો ઘણા કષ્ટવડે પ્રાપ્ત થવા યોગ્ય જ્ઞાન

તમને અલ્પકાળમાં અનાયાસે થશે. વિકારના પ્રબળ દળને કેમ હઠાવવું તેની યુક્તિનું શોધન વિકારના ઉદયકાળે જ થવા યોગ્ય છે.

**કોશા :** પ્રભો ! મને એમ ભાસે છે કે જે પ્રકૃતિનો ઉદય થાય તેને અનુરૂપ વસ્તુનો ભોગ આપવાથી તે પ્રકૃતિ શાંત થવા યોગ્ય છે. પૂર્વે ઘણીવાર મેં અનુભવ્યું છે કે રસેન્દ્રિયને અનુકૂળ ભોજનની ઇચ્છા પ્રગટ થયે તેને ઉપશમાવવાનો પ્રયત્ન કરતાં તે અધિકાધિક પ્રજ્વલિત થાય છે. અને જ્યાં સુધી તે ઇન્દ્રિયને અનુરૂપ સામગ્રી પૂરી પાડવામાં ન આવે ત્યાં સુધી તેના ઉદયનો અગ્નિ ઓલવાતો નથી. અત્યારની મારી સવિકાર સ્થિતિ મારા મુખેથી આ શબ્દો બોલાવતી હોય અથવા વસ્તુતઃ તે ઉપાય સત્ય હોય, તે તો આપ જાણો; પરંતુ મને તો આ યુક્તિ અધિક સરલ અને સ્પષ્ટ જણાય છે અને પૂર્વના સંસ્કારની નિર્વૃતિ મેં કહેલા ઉપાય સિવાય થવી મને તો અશક્ય ભાસે છે. આપની સાથેના પૂર્વકાળના વિલાસ ચિત્રો આજે પુનઃ મારા સ્મૃતિપ્રદેશમાં મૂર્તિમંત થયા છે, અને તેને અનુરૂપ સામગ્રી ઉપજાવી કાઢવાની ઇચ્છાએ જ આજે મારી આપે કહી તેવી સ્થિતિ કરી મૂકી છે. મારી દૃષ્ટિમાં આ કાળે પૂર્વની સ્થિતિ સૌભાગ્યચિન્હયુક્ત અને સાંપ્રત સ્થિતિ વૈધવ્ય સદૃશ જણાય છે. પ્રભો ! મારી ઉદયમાન સ્થિતિને અનુરૂપ સામગ્રી ઉપજાવી આપવાની મારી યાચના આપ કબૂલ નહિ રાખો ?

**સ્થૂલિભદ્ર:** મહાત્માઓની વિભૂતિ પરોપકાર અર્થે જ હોય છે. તમારી પ્રકૃતિનો ઉદય તમે જણાવ્યો તે ઉપાયવડે નિર્વૃત થવા યોગ્ય હોત તો હું ગમે તે ભોગે પણ તેમાં પ્રેરાત; પરંતુ તે ઉપાય સત્ય હોવાની ભ્રાન્તિ, તમારી સવિકાર સ્થિતિવડે જ થયેલી હોવાથી અને અનુરૂપ સામગ્રીના યોગે ઉદયમાન પ્રકૃતિની નિર્વૃતિ શાસ્ત્ર પ્રમાણથી બાધિત તેમજ પ્રજ્ઞાચક્ષુએ વિચારતાં અસંભવિત હોવાથી, તમારી યાચના હું સ્વીકારી શકતો નથી. પ્રકૃતિના ઉદયરંગથી રંગાયેલ મનોયોગ કૃત્રિમ ઉપાયમાં પણ યથાર્થતાનું ભાન ઉત્પન્ન કરાવી પોતાને

અનુકૂળ સામગ્રી ઉપજાવી કાઢવા માટે અનેક યુક્તિ-પ્રયુક્તિથી બુદ્ધિ પાસે પણ તેની વાસ્તવિક્તા કબૂલ કરાવે છે. અને વિકારવડે પ્રમત્ત થયેલી બુદ્ધિ પણ તેવી દલીલથી એક તરફી વલણ પકડી ઘણીવાર ઉદયને અનુરૂપ યોજના, પ્રમાણાભાસ સહિત પ્રકટાવી આપે છે. બુદ્ધિ તરફથી પ્રમાણનો ટેકો મળતા મન-વચન-કાયાનો યોગ સ્વચ્છંદપણે વહેવા લાગે છે. કોશા ! આજે તમારી સ્થિતિ પણ કાંઇક આવા જ પ્રકારની છે. તમારી સવિકાર દશાએ, તમારી ઉદય-માન પ્રકૃતિને અનુરૂપ સામગ્રી ઉપજાવી કાઢવા માટે, અને તેવી સામગ્રીના યોગથી તે પ્રકૃતિનું બળ નિર્વૃત થવા યોગ્ય છે એવા આભાસ કરાવી, તમને યોગભ્રષ્ટ સ્થિતિમાં મૂકેલ છે. કોશા ! ધૈર્ય-પૂર્વક શાન્તિથી ઉદયને અરક્તપણે વેદી લઇ તેને નિર્વૃત કરો અને તમારી અત્યારની બુદ્ધિ-વૃત્તિ સવિકારી ગણી તેના તરફથી પ્રેરાતા ઉપાયો પણ અયથાર્થ છે એમ શ્રદ્ધો.

**કોશા :** આજે આપનો ઉપદેશ મારા અંતઃકરણથી છેટો છેટો રહે છે. અને પૂર્વના ભોગવિલાસમાં જ સુખબુદ્ધિ ઊપજે છે. મારા ઉપરની આપની નિર્હેતુક કૃપાને બાદ કરું તો મને એમ જ જણાય છે કે મને આપ ભમાવો છો, અને સૃષ્ટિ ઉપરના સ્વાભાવિક સુખનો મને જાણી જોઇને વિયોગ કરાવો છો; તેમ છતાં પણ આપનો કથેલો ઉપાય સત્ય જ હોય અને સુખની ઇચ્છાને પરિતૃપ્ત કરવાનો મારી બુદ્ધિએ પ્રેરેલ ઉપાય અસત્ય હોય તો પણ આપણા પૂર્વ સંબંધને સ્મૃતિમાં લાવી મારી ઇચ્છાને એક વખત અમલમાં લાવો.

**સ્થૂલિભદ્ર :** કોશા ! એક વખત **પોષાયેલી** ઇચ્છા બીજી વખતે બમણા બળથી ઉદયમાં આવ્યા વિના રહેતી નથી. એક વખતે અનુરૂપ સામગ્રીથી સિંચાયેલો સંસ્કાર પુનઃ પ્રબલપણે પ્રકટ થઇ વ્યાકુલતા ઉપજાવ્યા સિવાય રહેતો નથી. એ મારા કથનમાં પ્રતીતિ રાખી ઉદયના બળને શાન્તિથી વેદી લો. જ્ઞાનના તારતમ્ય કરતાં ઉદયનું બળ અધિક પ્રમાણમાં થવાથી જે વિકારો સ્વાભાવિક રીતે થવા

જોઇએ તે અત્યારે તમારામાં ઉપસ્થિત છે. જગતના અનેક જીવો આ સ્થિતિના ઉદયને વેદી ન શકવાથી જ હેરાન થાય છે. એક વખત આ ઉપસ્થિત થયેલા વિકારને સાક્ષીભાવથી અરક્તપણે વેદી લેશો તો પુનઃ તેનું બળ ક્ષીણ થઈ જશે. આ પ્રસંગે સહેજ પણ શિથિલતા ભજવાથી વિવેકની પ્રાપ્તિ ઘણા કાળ સુધી અપ્રાપ્ય રહેશે. તમારા એકલાના જ જીવનમાં આવો પ્રસંગ આવ્યો છે, એમ માનશો નહિ. જે જે આત્માઓ સિદ્ધિને વરેલા છે, તે સર્વના સંસાર જીવનમાં પ્રાયઃ આવા પ્રસંગો આવ્યા હતા; અને તે તે સમયે તેમણે ઉદયના બળ કરતાં આત્મબળનું તારતમ્ય અધિક રાખવાથી જ વિજયને મેળવ્યો હતો. શિથિલતા અને અનુપયોગ થતાં કરેલી કમાણી ધૂળમાં મળી જાય છે. આપ્તકથનનો આ ભાવ કોશા ! કોઇ કાળે વિસ્મૃત કરવા યોગ્ય નથી.

**કોશા:** પ્રભો ! આપ ભૂલો છો, ઉદયમાં આવી ફલાભિમુખ થયેલી પ્રકૃતિ કાંઈ પણ પરિણામને ઉપજાવ્યા વિના વિફલ થાય એ બને જ કેમ ? ભોગનો ઉદય થતાં ભોગને સામે ધર્યા સિવાય તે પ્રકૃતિ વિલય થાય તો તેના ઉદયનું સાફલ્ય શું ?

**સ્થૂલિભદ્ર:** તમારું કથન સત્ય છે, પરંતુ ઉદય આવેલ પ્રકૃતિને ભોગવવાના રસ્તા જ્ઞાની અને અજ્ઞાનીના જુદા જુદા હોય છે. અજ્ઞાની પુરુષ ભોગનો ઉદય થતાં ભોગને અનુરૂપ સામગ્રીમાં રંગાઈ ભોગના સંસ્કારને પોષણ આપે છે, અને તે સંસ્કારને પુનઃ ઉદયમાં આવવાનું આમંત્રણ આપે છે; ત્યારે જ્ઞાની પુરુષ તે પ્રકૃતિના ઉદયને પ્રકાર ફેરથી ભોગવે છે અને ઉદય સંમુખ થયેલી પ્રકૃતિને અનુરૂપ સામગ્રી ન આપતાં તેમાં અરક્ત રહી તેની શક્તિને આત્મબળના તારતમ્યથી ક્ષીણ કરી પુનઃ ઉદયમાં ન આવે તેવી કરી મૂકે છે. જ્ઞાની અને અજ્ઞાની ઉભયને તે તે કર્મપ્રકૃતિ એક સરખા બળથી ઉદયમાં આવે છે, પરંતુ અજ્ઞાની જન તેના ઉદય

સમયે તેમાં રંગાઈ જઇ તે સંસ્કારને ભોગસામગ્રીથી પરિપોષે છે, ત્યારે જ્ઞાની જીવ તે ઉદયને સાક્ષી ભાવે ક્ષણવારમાં વેદી લઈ તેને નિઃસત્ત્વ કરી નાંખે છે. ઉભયના વેદનમાં માત્ર પ્રકારફેર છે. હું તમને ઉપદેશ આપું છું તેનો આશય પરિણામને આપ્યા પહેલાં ઉદયબળ વિલય થઈ જવા યોગ્ય છે તેવો નથી, પરંતુ તે ઉદય આત્મબળથી જ અરક્તપણે વેદી લેવો એ છે. કોશા! તમને ઉદયભૂત થયેલી કર્મપ્રકૃતિ પણ જ્ઞાનીઓ જે પ્રકારે તે વેદે છે તે રસ્તે વેદવી એવો મારો ઉપદેશ છે.

**કોશા:** પરંતુ ઉદયસંમુખ થયેલી પ્રકૃતિ પોતાનું ફલ આપ્યા વિના રહે જ કેમ તે હજી મને બુદ્ધિમાં ઊતરતું નથી.

**સ્થૂલિભદ્ર:** ઉદયસંમુખ થયેલ પ્રકૃતિનો અને આત્માનો સંબંધ તો નિમિત્ત નૈમિત્તિક જ છે. ઉદયમાન કર્મ કાંઇ આપણને બળાત્કારે ભોગ્ય વસ્તુમાં અથવા અન્ય વિકારવિશેષ રૂપ કાર્યમાં જોડતું નથી; તે તો માત્ર તે તે પ્રકારે વિકારભૂત થવામાં માત્ર નિમિત્ત રૂપ જ છે. નિમિત્ત ફક્ત સરલતા કરી આપે છે, પણ જોડાવું અથવા ન જોડાવું તે તો આત્માની સ્વતંત્ર વાત છે. જો તેટલી સ્વતંત્રતા ન હોય તો આત્માને મોક્ષમાં જવાનો અવકાશ સંભવતો જ નથી.

**કોશા:** ચંદ્ર ઉદય થતાં જેમ સમુદ્રને ઊછળવુંજ જોઇએ તેમ કર્મપ્રકૃતિનો ઉદય થતાં આત્માને તે પ્રકૃતિને અનુરૂપ ભોગ્ય વસ્તુમાં જોડાવું જ જોઈએ એમ હું માનું છું.

**સ્થૂલિભદ્ર:** તે ઉદાહરણમાં પ્રસ્તુત વિષયને કશું સાદૃશ્ય નથી. જડ સૃષ્ટિના ઉદાહરણને ચૈતન્ય સૃષ્ટિના પ્રદેશમાં ઘટાવવું ઉપયુક્ત પણ નથી. ચક્રવાક અને ચક્રવાકીનો સંયોગ થવામાં જેમ સૂર્ય નિમિત્ત છે, પરંતુ સૂર્ય કાંઈ તેમને બળાત્કારે તેમાં જોડતો નથી, તેમ ઉદયમાન કર્મ પણ તેને અનુરૂપ ભોગ્ય વસ્તુમાં બળાત્કારથી

જોડતા નથી, પરંતુ તે તે વસ્તુમાં જોડાવા માટે સરળતા કરી આપે છે. જો તે બળાત્કારથી આત્માની અનિચ્છા છતાં તેને જોડવા શક્તિમાન હોય તો આ પહેલાં ક્યારનાયે તેમણે તમારી ઈચ્છાને અમલમાં મૂકી દીધી હોત; પરંતુ કર્મની શક્તિમાં બલાત્કારથી કોઈની સાથે જોડવાનું સામર્થ્ય નથી. નિર્બલ જીવો જ તે નિમિત્તમાં સામર્થ્યનો આરોપ કરી તેના ઉદયના પૂરમાં તણાય છે. આત્માની અનંત શક્તિ ઉપર કોઈ વસ્તુનું આપણે ધારીએ છીએ તેવું સામર્થ્ય છે જ નહિ. ષડ્રસ ભોજન કાંઈ જીભ ઉપર બલાત્કાર કરી તેમાં પરાણે પ્રવેશ કરતાં નથી. શ્રુતિમનોહર રાગો કાંઈ બલાત્કારથી આપણા કાનમાં પ્રવેશ કરતા નથી. તેજ પ્રમાણે ઈન્દ્રિયના સર્વ વિષયો વિકારના ઉદયકાળે આત્માની અનિચ્છા છતાં બલાત્કારથી તેને ભોગમાં જોડતા નથી.

**કોશા :** પ્રભો ! આપના કથનમાં મને હવે શ્રદ્ધા પ્રકટે છે. વિકારના આ ઉદયકાળે હું શું કરું તો તે સહેજે નિવૃત્ત થાય તે સ્પષ્ટ રીતે કહો.

**સ્થૂલિભદ્ર :** ભેદજ્ઞાનના તારતમ્ય પ્રમાણે ઉદયકર્મ આત્મા ઉપર બળ કરી શકે છે. ઉદયમાન કર્મ કરતાં ઉપયોગબળ, ભેદ-જ્ઞાન અને વિવેકબુદ્ધિનો ઉદય વિશેષ જાગ્રત કરવાથી, કર્મના ઉદય બળનો પરાભવ થવા યોગ્ય છે- સ્થૂલ ભોગમાં વિલાસની ઈચ્છાનો ઉદય, તેમાં આત્મા તરફથી રસનું સિંચન થાય નહિ ત્યાં સુધી, કદી પણ બલવાન થઈ શકતો નથી; અને તે રસનું સિંચન કરવું યા ન કરવું તે આત્માની સ્વતંત્રતાની વાત છે. ઉદયમાં ન જોડાવું, તેમાં રસવૃત્તિ ન જ કરવી, તેને જ્ઞાન વડે પરિક્ષીણ કરી નાંખવી, એ જ કર્મના ઉદયજન્ય વિકારનો પરાજય કરવાનો ઉપાય છે. સામાન્ય જીવોમાં અને મહાત્માઓમાં માત્ર આટલો ફેર છે. જ્ઞાની-ઓનું ઉપયોગ સામર્થ્ય અજેય હોય છે, તેથી ઉદયનું બળ તેમના

પર ફાવી શકતું નથી. એક વખત ઉદયબળનો પરાભવ થયે પુનઃ તે તેટલા બળથી હુમલો કરી શકતું નથી. સામાન્ય જીવો મહાત્માના પદને પ્રચ્છવા છતાં, તે પદની પ્રાપ્તિ માટે આવશ્યક ઉપયોગબળ તેઓ પ્રકટાવી શકતા નથી. અને તેટલાજ માટે તેઓ તેમની હાલની સ્થિતિથી એક પગલું પણ આગળ વધી શકતા નથી. તેઓને સહજ પણ નિમિત્તનો ઉદય થતાં તુરત જ તેમાં રંગાઈ જઇ પોતાના ઉપર કર્મબળનું પ્રાધાન્ય સ્વીકારે છે. હસવાનું નિમિત્ત પ્રાપ્ત થતાં હસે છે, રડવાનું નિમિત્ત પ્રાપ્ત થતાં રડે છે. વેદોદય થતાં તે તે કર્મમાં પ્રવૃત્ત થાય છે અને જુગુપ્સિત પદાર્થનું દર્શન થતાં ગ્લાનિવશ થાય છે. ટૂંકામાં જેવું જેવું નિમિત્ત મળે તેવા તેવા કાર્યમાં તુરત જ પ્રવૃત્તિ કરે છે. પરંતુ જ્ઞાની જીવો નિમિત્તથી તદ્દન સ્વતંત્ર રહે છે. નિમિત્તની સત્તાને તેઓ સ્વીકારતા નથી. તેઓ જાણે છે કે જડ કરતાં ચૈતન્યની સત્તા અનંતગુણી અધિક બલવાન છે. કોશા! તમારા હાલના વિકાર–ઉદયને તટસ્થપણે–સાક્ષીભાવે જોયા કરો અને તેમાં રંગાયા વિનો થોડો કાળ ધૈર્ય પૂર્વક વિતાવો.

**કોશા :** પ્રભો! આપના આ ઊપદેશથી મારા અંતરમાં એક અદ્ભુત રહસ્યનો ઉદય થયો છે અને તે સાથે સદ્ગુરુના સામીપ્યનો મહિમા પણ આજે મને અનુભવગોચર થયો છે. આપ મૂર્તિમાન ઉપદેશ છો–ચારિત્ર્ય છો–પ્રભુત્વ છો. મારા આપને અનંત વંદન છે. કર્મની સત્તા ઉપર વિજય મેળવવાના રહસ્યનું આજે મને સહેજે પ્રદાન કરવાના બદલામાં હું રંક કાંઈ પણ આપવા અસમર્થ છું. પ્રભો! તેમ છતાં મારા હર્ષના સમુદ્રમાંથી નેત્રદ્વારા સરી આવતી આ મોતીની માળા સ્વીકારો.

# રસમય જીવન

( રાગ—ઓધવજી સંદેશો કેજો... )

હેતભર્યું હૈયું અમીરસથી ઊછળે,
પણ નવ જાણું અર્પું કંઈ આશિષ જો;
સહુ ઉર સરખી સુખદ વસંત છવાઈ રહી,
પમરે પદ્મપરાગ મધુર સહુ દિશ જો. હેતભર્યું. ૧

શી મનહર ફુલવાડી આ ફાલી રહી,
કુંજ નિકુંજની મંજરીઓ મલકાય જો;
ગૂંજે ભૃંગ અનંત બની મધુમસ્ત જ્યાં,
રમણીય છાઈ લીલી શીળી છાંય જો. હેતભર્યું. ૨

સ્નેહ–સમાધિ–રસમાં સહુ ચકચૂર છે,
પદ્મ ચૂમે ચાહી મન નેહ મધુર જો;
ભાસે વિશ્વ રમંતુ રસના અંકમાં,
દશદિશ રસીલું રેલ્યું એ રસ પૂર જો. હેતભર્યું. ૩

એ અમીરસનો સહુને સરખો વારસો,
એજ તત્ત્વ વિલસે સહુ ઘટના પાર જો;
સહુ સરખી જાતિ ન અધિક કે ન્યૂન કો,
સહુમાં સરખો એ ચેતન સંચાર જો. હેતભર્યું. ૪

જે હુંમાં તે સહુમાં સહુનું હું વિષે,
 પ્રતિ આત્માનો એવો દિવ્ય અભેદ જો;
એ અનુભવમાં ઊંડું સુખ સમજાય છે,
 સહજ થતો અંતર ગ્રંથિનો ભેદ જો. હેતભર્યું. ૫

આ ઉર ઊછળતો રસ ક્યાં રેડું જઈ,
 વિશ્વપાત્ર નાનકડું ત્યાં ન સમાય જો;
વિશ્વ થકી મમ સ્વરૂપ અનંત ઉદાર છે,
 'હું' વિણ અવર ન સ્થળમાં એ સ્થિર થાયજો. હેતભર્યું. ૬

અથવા મુજ સાથે જેના હૃદયો મળે,
 ત્યાં જઈ ઢોળું આ સાગરની ધાર જો;
ગ્રાહક હો તો એ અમીઝરણાં ઝીલજો,
 એ ભાવે નિવસે આત્મીય સહચાર જો. હેતભર્યું. ૭

**સુશીલ**